सत्यं वद

॥ ॐ श्री सच्चिदानंद माधवानंद सद्‌गुरुभ्यो नमः ॥

धर्मं चर

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૮ સંવત ૨૦૭૩ કારતક, નવેમ્બર – ૨૦૧૬ અંક – ૧૧




શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે શરદ પૂર્ણિમા મહોત્સવ તા. ૧૬/૧૦/૨૦૧૬ ને રવિવારનું શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સ્વામીશ્રી ભુમાનંદ સાગરજી મહારાજ તેમજ મોટી સંખ્યામાં સેવક સમુદાયની હાજરીમાં ધામધૂમથી ઉજવાયો હતો.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૮ / નવેમ્બર–૨૦૧૬/ અંક–૧૧


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | નવા વર્ષનાં શુભ આશીર્વાદ<br>પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી |
| ૫ | કઠોપનિષદ્<br>કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૯ | દોષ–મુકિતના માર્ગો<br>લેખક : શિવ |
| ૧૧ | જ્ઞાની અને અજ્ઞાનીની જીવનગાથા<br>રજુ. કેશવભાઈ જી. ભરોડીયા (પાલડી) |
| ૧૩ | લક્ષ્મીનો સદ્ઉપયોગ કરો<br>રજુ. દિનેશ એન. લાઠિયા (જરીયા) |
| ૧૪ | ઈન્દ્રિયોનો સંયમ<br>રજુ. લત્તા અરવિંદભાઈ માંગુકિયા દડવા (રાંદલના) |
| ૧૫ | કર્મનો સિદ્ધાંત<br>રજુ. રમીલાબેન જી. ગાબાણી (પીપળીયા) |
| ૧૬ | ભજન<br>રજુ. મધુબેન પી. ભીકડીયા (ઉખરલા) |
| ૧૭ | મનોમંથન (લાઈફ સ્ટાઈલ)<br>રજુ. હસમુખ પટેલ (સુરત) |
| ૧૮ | ઈશ્વરનો એક પત્ર...<br>રજુ. લક્ષ્મણભાઈ જે. સોનાણી (ચકમપર) |
| ૧૮ | અને તું પાછો ધૂળમાં...<br>રજુ. ચિરાગ પી. ભિકડીયા (ઉખરલા) |
| ૧૯ | જપ ધ્યાનનો મહિમા<br>રજુ. નરેશ રતીલાલ જોષી (રાજકોટ) |
| ૨૦ | શુભ સંદેશ<br>રજુ. દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા (સુરત) |
| ૨૦ | શરદા પૂર્ણમા મહોત્સવ પ્રસંગે<br>સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર<br>સંકલિત |


જય સચ્ચિદાનંદ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*કુરુતે ગંગાસાગરગમનં વ્રતપરિપાલનમથવા દાનમ્ ।*
*જ્ઞાનવિહીનઃ સર્વમતેન મુક્તિં ન ભજતિ જન્મશતેન ।*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૭ ॥*

### ભાવાર્થ

*કોઈ ગંગાસાગર જાય, અનેક વ્રત-ઉપવાસ કરે કે દાન કરે તો પણ જ્ઞાન વગર આ બધામાંથી સો જનમમાં પણ મુક્તિ મળતી નથી; તેથી હે મૂઢ ! હંમેશા ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. // ૧૫ //*


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા



## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

# નવા વર્ષનાં શુભ આશીર્વાદ



## પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના નવા વર્ષના શુભ આશીર્વાદ...

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ બ્રહ્મ પરમાત્માની અસીમકૃપાથી આપણને ઉત્તમ માનવ દેહ મળ્યો છે. અને માનવ દેહથી પરમાત્મારૂપ થઈ શકાય છે જીવનને સફળ-સાર્થક બનાવી શકાય છે એટલા માટે સમયનો સદ્ઉપયોગ કરીને શરીરથી મનથી અને બુદ્ધિથી સારા કર્મ-સારી સદ્ભક્તિ અને સદ્જ્ઞાન પ્રાપ્ત કરવાથી થઈ શકે છે વર્ષનો છેલ્લો દિવસ છે. દીવાળી.


દીવાળી ના શુભ દિવસે સર્વેને શુભ આશિર્વાદ જય સચ્ચિદાનન્દ

નવાવર્ષના નવા દિવસે પરસ્પર ભાઈચારો વધે હૃદયમાં પ્રેમ વધે, શ્રદ્ધા વધે, ભક્તિ વધે રાગદ્વેષ રહિત બને હૃદયમાં ઉદારતા વધે, દયા વધે પરોપકાર કરવાની ભાવના વધે. માતા-પિતા-સદ્ગુરુની સેવા કરવાની ભાવના વધે જીવન નિર્વ્યસની બને બુદ્ધિમાં જ્ઞાન વધે અને શરીર નિરોગી બને- ભૌતિક સંપત્તિથી સુખી થાય અને મોક્ષ પદના ભાગીદાર બને એવી પરબ્રહ્મ પરમાત્માની પાસે પ્રાર્થના દ્વારા સર્વેને નવા વર્ષના નૂતન દિવસે શુભ આશિર્વાદ જય સચ્ચિદાનન્દ

સ્વામી જગદીશાનન્દ સાગર

સંકલન કર્તી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

એટલે નથી આવતું કે નથી જતું આત્મા જન્મતો નથી ને મરતો નથી, આવતો નથી ને જતો નથી, વધતો નથી ને ઘટતો નથી, કર્તા નથી ને ભોક્તાય નથી. એટલે હંમેશા સુખ છે છે ને છે. એટલે સુખ આવ્યું એનો હરખ નહીં ને સુખ ગયું એનો શોક ય નહીં એટલે એવું સમજીને મનુષ્યે પ્રથમ શોક ચિંતા રહિત થવું પછી આગળ જતા બતાવે છે કે-

**आत्मा आत्मकृपासाध्य है**

**नायमात्मा प्रवचनेन लभ्यो**
**न मेधया न बहुना श्रुतेन।**
**यमेवैष वृणुते तेन लभ्य**
**स्तस्यैष आत्मा विवृणुते तनूम् स्वाम्॥२३॥**

કે હવે આ આત્મા છે એ બહુ ઝાઝું પ્રવચન કરવાથી મળે ! કે જે આખો દિ' બોલ બોલ કરે પણ પોતે સ્વીકાર નો કરે તો મળતો નથી. બોલ બોલ કરે પણ પોતે સ્વીકાર કરે નહીં માને નહીં પોતે હૃદયમાં ઉતારે નહિ તો બોલવા માત્રથી મળતો નથી. પોપટ જેમ બોલ્યા કરે બીલાડી આવે તો ભાગી જવું, બીલાડી આવે તો ભાગી જવું એમ બહુ બોલબોલ કરે થાય ? એને શું કરવું જોઈએ ? સમજી જવું જોઈએ. સ્વીકાર કરી લેવો જોઈએ. કે આ જ બીલાડી છે. એ આવે તો મારે એનાથી આઘું થઈ જવું. પોતે પોતાની મેળે અંદર સ્વીકાર કરી લેવો જોઈએ. એટલે કહે છે **''नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया''** કે બહુ બુદ્ધિથી મળી જાય ! કહે છે, બહુ બુદ્ધિ તો વિજ્ઞાનીઓ પાસે પણ છે પણ એ આત્માનું વર્ણન નથી કરતાં એ તો ભોગનું વર્ણન કરે છે. બુદ્ધિ છે પણ બુદ્ધિને વાપરે છે કયાં ? બોલો ? બધા ભણ્યા ગણ્યા ઘણાંની પાસે બુદ્ધિ તો છે પણ બુદ્ધિને આત્મ જ્ઞાનનું વર્ણન કરવામાં વાપરતા નથી એટલે જે લોકો આત્મા પરમાત્મા માટે જો એનો (બુદ્ધિનો) ઉપયોગ કરે એને તો મળે છે અને બીજે જે બહુ બુદ્ધિવાળો થવાથી કાંઈ મળી જતું નથી. એટલે બુદ્ધિ છે એનો અહંકાર કરીને નો બેસી રે'વું. આત્માનું વર્ણન કરવું મારે લેવો છે આત્માનો લાભ. એવી ભાવના હોવી જોઈએ અને **''न बहुना श्रुतेन''** બહુ સાંભળી લેવાથી પણ મળતું નથી. ઘણાં કહેને અમે બહુ ગીતા સાંભળી નાખી, બહુ ઉપનિષદો સાંભળી નાખ્યા, બહુ ભાગવત સાંભળી નાખ્યા. પણ સાંભળીને નાખી દીધા રાખ્યા નય. સાંભળીને શું કર્યા ? બોલો ?...જો વરણ કર્યુ હોત તો એક જ સાંભળ્યું હોત તોય બેડોપાર.

**દ્રષ્ટાંત :-**

એક દ્રષ્ટાંત આવે છે કે એકવાર કંઈ કથા ચાલતી'તી મોટી ઘણાંય માણસો લાખો બેઠા હતા. એમાં કોઈ ઘોડે સવાર આવ્યો ને એય બેઠો. બેસી એણે સાંભળ્યું કે 'તું અજર અમર શુદ્ધાત્મા છો.' અને ભગવાન ભરપૂર બધે ભરેલા છે. ભગવાનનું બાળક ભગવાન જ હોય તું બ્રહ્મ સ્વરૂપ છો એમ થોડું સાંભળ્યું પછી ઘોડે બેસીને ચાલતો થયો અને એણે દ્રઢ કર્યુ કે **'ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહં'** તો

પરમાત્મા પૂર્ણ છે હું પ્રભુનો બાળક છું જો મનુષ્યનો બાળક મનુષ્ય હોય બ્રાહ્મણનો બાળક બ્રાહ્મણ હોય તો ભગવાનનો બાળક ભગવાન કેમ ન હોય ? એમ નક્કી એણે કર્યુ દ્રઢ કરી લીધું. રાખી લીધું જીવનમાં. તો મુક્ત થઈને આનંદથી વિચરણ કરવા લાગ્યો. હવે, ઘણાંય દિવસો પછી આનંદમાં મુક્તમાં વિચરણ કરતાં ફરીન ત્યાં આવ્યો. ત્યાં આવ્યો એટલે ફરીન કથા સાંભળતા એના એ (લોકોને) જોયા. કથા પૂરી થયા પછી બહાર જઈને એણે પૂછ્યું કે ભઈ તમે મુક્ત થયા ! તમને ભગવાન મળ્યા ? તો કહે કે એમ કાંઈ મળતા હશે ?

**જન્મ જન્મ મુનિ જતનું કરાહી**
**અંત અંત રામ કહિ આવત નાહિ.**

એ એક દિવસમાં થોડા મળી જાય ! તો વિચાર કરો કે પેલાને મળ્યા ને આને કેમ ન મળ્યા ? કેમ કે એ વરણ કરતાં નથી. હજી મળશે મળશે કરે છે પણ મળ્યા એમ સમજતા નથી. એટલે કહ્યું, તમે એમ માનશો એટલે તમને મુક્તિ મળી ? એમ કહો તો એમ કાંઈ મળે ? હજી તો કેટલાય મેળા કરશું ત્યારે... તો જો એમ ના મળે એમ કરે કે વરણ નો કરે સ્વીકાર ન કરે મને મળ્યું એમ સ્વીકાર ન કરે ત્યાં સુધી એને મળતા નથી. હું તદ્દરૂપ છું હું એ જ છું. એમ વરણ કરો તો અત્યારે ને અત્યારે તમને મળ્યા અને નો વરણ કરો તો શું છે ? બોલો ? નો સ્વીકાર કરો તો હજી કયાં મને મળ્યા છે ? નો સ્વીકાર કરો તો તમને કોઈ દિ' મળવાના નથી. અને જેણે જેણે દ્રઢ કરી લીધું વરણ કરી લીધું પ્રેમ કરી લીધો એને મળેલા છે. એટલા માટે **''વરેણ્યં''** પરમાત્માં શું છે ? બોલો **''વરેણ્યં''** છે.

**ॐ भूर्भवः स्वः ।**
**तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।**
**धियो योनः प्रचोदयात् ।**
**''એવો અખંડ અમર વર હું વરી.''**

તો જે વરે એને મળી જાય ને નો વરે એનો હોય તોય નો મળે. એટલા માટે પરમાત્મામાં પ્રેમ કરવો, પરમાત્મા જેને પ્રેમ કરે બેય સામા સામી સમજ જો. ભક્તિ માર્ગમાં પરમાત્મા પ્રેમ કરે. પણ તમે ને પરમાત્મા જુદા નથી. તમે કહો કે પરમાત્મા કહો બેય સામાસામી શું છે ? બોલો ? એક તત્ત્વ છે. એટલે તમને શરીર માનવાવાળા છે એ એમ બોલે કે પરમાત્મા વરણ કરે તો તમને પરમાત્મા મળે. પણ અહીં વેદાંતમાં તમે ને પરમાત્મા જુદા નથી. તમે જ વરણ કરો તો તમને મળે. ધ્યાન આવ્યું શબ્દોમાં, ભક્તિ માર્ગમાં તમને શરીર માનીને કહેવામાં આવે પણ આત્માને પરમાત્મા જુદા નથી. પરમાત્મા આઘાય નથી મોંઘાય નથી ને પારકા પણ નથી. પરમાત્મા પૂર્ણ હોવાથી બધે છે. પરમાત્મા પોતાનું જ સ્વરૂપ હોવાથી બધે હાજરા-હાજુર છે અને તમે વરણ કરો એટલે ભગવાનેય વરણ કર્યુ અને ભગવાને કર્યુ એટલે તમેય કર્યુ. કંઈ જુદા પણું નથી. એટલા માટે-

**અરસપરસ રહે એકમાં, જેમ તરણિમાં તેજ;**
**ભિન્ન નહિ એમ બ્રહ્મથી, ઓળખો પદ એજ;**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**

(સ્વામી પ્રીતમદાસજી)

નદીને દરિયામાં જવાની જરૂર છે. દરિયો તો નદીને લેવા તૈયાર જ છે. એમ ભગવાન તો તમને બધાને કહે છે કે આવી જાવ-

**સર્વધર્માન્પરિત્યજય, મામેકં શરણં વ્રજ,**
**અહં ત્વાં સર્વપાપેભ્યો, મોક્ષયિષ્યામિ મા શુચઃ ।**

(ગીતા-અ-૧૮-૬૬)

પરમાત્માએ તો દરવાજા ખુલ્લા રાખેલા છે. એ તો તમને વરણ કરવા શું છે ? બોલો ? તૈયાર છે પણ આપણે જ ભગવાનમાં પ્રેમ કરવાની જરૂર છે.

**કર પ્રભુ સંગાતે દ્રઢ પ્રીતડી રે,**
**મરી જાવું મેલીને ધનમાલ;**
**અંતકાલે સગું નહીં કોઈનું રે,**
**સંસ્કારે સબંધી સરવે મળ્યા રે,**
**એ છે જુઠી માયા કેરી જાળ, અંત...**
**સુખ સ્વપ્ના જેવું સંસારનું રે,**
**તેને જાતાં ન લાગે વાર, અંતર...**

(દેવાનંદ)

પરમાત્માનું વરણ કેમ કરતાં નથી ? કોણ લઈ શકતા નથી ? એને માટે હવે **સાગર / સાધન** ભાગ બતાવતા કહે છે.

**आत्मज्ञान का अनधिकारी**

**नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।**
**नाशान्तमनसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥२४॥**

હું બ્રહ્મ છું યાતો બ્રહ્મમાં પ્રેમ કરવો એ બંને **''नाविरतो दुश्चरिता''** કે જે દુઃચરિત્ર કરતો હોય

એનાથી એ કામ થઈ શકતું નથી. કેમ નથી થતું ? તો એને બીજામાં પ્રેમ છે. શું છે ? બોલો ? બીજામાં એટલે ભોગોમાં પ્રેમ છે. દુચ્ચરિત્ર કયારે કરો ? બોલો ? છળ કયારે ? દગા કયારે કરો ? તમને પુત્ર, પત્ની, સંસારમાં પ્રેમ છે. બ્રહ્મમાં પ્રેમ નથી. એટલે જેને બહાર પ્રેમ હોયને એ દુચરિત્રવાળા થાય. દુચરિત્રવાળા થાય એટલે પરમાત્મા હૃદયમાં હોય તોય લઈ શકતા નથી. કેમ કે પરમાત્માનું વરણ કરતાં નથી. ભોગોનું વરણ કરે છે.

**દાદુર વસતો વારી મધ્યે, પેડ કમલની પાસ;**
**કલ્લોલ કરે જઈ કીચમાં,એને નાવે કમલની વાસ;**
**સંગત ત્હેને શું કરે,**
**અધિકારીને જ્ઞાન આવે, આતમ લક્ષ અભંગ,**
**કહે અખો મુમુક્ષુ જનને, સદાય ફળે સતસંગ;**
**સંગત ત્હેને શું કરે.**

**स्तम्भाभ्यन्तर गर्भभावनिगदव्याख्याततद्वैभवो,**
**यः पाञ्चाननपाञ्चजन्यवयुषा व्यादिष्टविश्वात्मतः।**
**प्रह्लादाभिहितार्थतत्क्षण मिलद् दष्टप्रमाणं हरिः,**
**सोऽव्याद्वः शरदिन्दुसुन्दरतनुः सिंहाद्रिचुडामणिः॥**

(ગીતા પ્રવચન સુધા)
(સ્વામી મહેશ્વરાનન્દ મહામંડલેશ્વર)

**भोगा न भूक्ता वयमेव भुक्ताः**
**तपो न तप्तं वयमेव तप्तांः।**
**कालो न यातो वयमेव याताः**
**तृष्णा न जीर्णा वयमेव जीर्णाः॥**

હમને ભોગો કો નહી ભોગા, ભોગોને હી હમે ભોગ લીયા, હમને તપ નહીં કિયા, સ્વયં હી તપ્ત હો ગયે, કાલ વ્યતીત નહીં હુઆ હમ હી વ્યતીત હો ગયે ઔર મેરી તૃષ્ણા નહીં જીર્ણ હુઈ હમ હી જીર્ણ હો ગયેં.

જીસ ભગવાનને સ્તમ્ભ કે ભીતર ગર્ભરૂપ મેં રહકર અપને વિભુત્વકા એવં સ્તમ્ભદ્વારા નૃસિંહ રૂપસે પ્રકટ હોકર અપની વિશ્વાત્મતાકા સ્પષ્ટ પરિચય દિયા. જો શરત્કાલીન (શરદઋતુ)- ચન્દ્રમા કે સમાન સુન્દર-વિગ્રહવાલે (રૂપવાળા) એવં દુષ્ટદલન ભક્તાનુ ગ્રહાદિ કરને કે બાદ સિંહાચલ પર્વત કે ઉપર નિવાસ કરનેવાલે તથા પ્રહલાદ દ્વારા કહે હુએ વચનો કો તત્કાલ સાર્થક બનાનેવાલે વહ ભગવાન શ્રી હરિ હમારી રક્ષા કરે. ભગવાન કો જો જહાઁ જબ જીસ રૂપમેં દેખના ચાહતા હૈ. યદિ ઉસકી ચાહના નિર્મલ હૈ દ્રઢ હૈ સચ્ચી હૈ પ્રેમ પૂર્ણ હૈ તો વહીં તબ ઉસ રૂપસે અવશ્ય હી ભગવાન પ્રગટ હો જાતે હૈ.

કે **''नाविरतो दुश्चरितान्''** દુશ્ચરિત્ર થઈ ગયો હોય અવિરત થઈ ગયો હોય પાછો નો પડયો હોય. દુશ્ચરિત્ર પેલા કર્યા હોય એ ભલે કર્યા પેલાથી ગભરાવું નહિ પણ ત્યાંથી પાછું વળી જવું જોઈએ. એટલે ભગવાને કહ્યું-

**અપિ ચેત્સુદુરાચારો, ભજતે મામનન્યભાક્ ।**
**સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥**

(ગીતા-અ-૯-૩૦)

તો **'અપિ ચેત્સુદુરાચારો'** ગમે એટલો દુરાચારી હોય પણ એમાંથી જો એ પાછો વળી જાય કે હવે આ કરવા જેવું નથી. સમજી જાય કે બ્રહ્મ જ આનંદ સ્વરૂપ છે. હું જ આનંદ સ્વરૂપ છું તો મારે આ દુરચરિત્ર કરવાની શું જરૂર છે ? મારે બહારના સુખની શું જરૂર છે ? બહારનું સુખ સાચું નથી સુખ એ તો માત્ર ભ્રાંતી માત્ર છે.

**અસારે ખલુ સંસારે સુખ ભ્રાન્તિઃ શરીરિણામ્ ।**
**લાલાપાનમિવાંગુષ્ઠે બાલાનાં સ્તન્ય વિભ્રમઃ ॥**

(વૈરાગ્યશતક)

બાળકને જેમ અંગુઠામાં દુધની ભ્રાંતિ થાય. કુતરાઓને જેમ હાડકામાં લોહીની ભ્રાંતિ થાય એમ અજ્ઞાની પ્રાણીઓને અસત્-જડ પદાર્થોમાં સુખની ભ્રાંતિ થાય છે. અસત્ પદાર્થોમાં જડ પદાર્થોમાં સુખ ક્યાંથી હોય ? એટલે સંતોએ કહ્યું - **''સુખ રે નથી આ સંસારમાં''** કે અસત્, જડ, દુઃખ એનું નામ સંસાર છે. સત્, ચિત, આનંદનું નામ પરમાત્મા છે. કે જે સત્ છે ચિત (ચૈતન્ય) છે એ જ આનંદરૂપ છે. એટલે પરમાત્મા જ આનંદ આનંદનો ભંડાર છે. પણ જે દુશ્ચરિત્ર કરવાવાળા છે એ છળ, કપટ દગા કરે, વૈશ્યા, વ્યસન, વ્યભિચાર, દુરાચારમાં પડવાવાળા જીવો બ્રહ્મનો આનંદ લઈ શકતા નથી. એટલે યમરાજાનું કહેવાનું એમ છે કે જેનું દુશ્ચરિત્ર છેને એને ગમે એટલું ગુરુ જ્ઞાન દેશે પણ અંદર ઉતરશે નહિ. ઘણાં એમ કહે ગુરુ કર્યા તોય લાભ થતો નથી. પણ ગુરુ કર્યા પણ ગુરુનું કહ્યું માન્યું છે ? **''ગુરુ કર્યા પણ ગરજ નહિ''** ગુરુ કર્યા પણ શું નથી ? બોલો ? ઘણાં કોલેજમાં

એડમીશન તો છોકરાનું લઈ આવે પણ ભણવા છોકરાને મોકલે નહિ ને છોકરો ભણવા જાય નહિ. મા-બાપ ય નો મોકલે ને છોકરોય નો જાય તો પછી ક્યાંથી કલ્યાણ થાય ? એમ ગુરુ કરવા માત્રથી કલ્યાણ નહિ ગુરુનું જ્ઞાન હૃદયમાં ઉતારવું જોઈએ.

**ગુરુનું જ્ઞાન ગ્રહ્યું નહિ હૈયે,**
**ત્હેને ગુરુ દ્રોહી કૃતધ્નિ કહીએ.**
(સ્વામી પ્રીતમદાસજી)

અને **'नाशान्तो'** જેનું મન અશાન્ત હોય ને એને આ લાભ થતો નથી અશાંતિ આવે જ શેનાથી ? કે મન બહાર ભટકતું હોય એટલે અશાંતિ રે ! અશાંતિ આવે એટલે બહિર્મુખ વૃતિવાળો હોય એને અંતર્વૃતિનો આનંદ આવતો નથી. અને **''न समाहित''** જેનું ચિત્ત સમાહિત ન થયેલું હોય એટલે અંતર્મુખ થયેલું ન હોય બહાર ને બહાર ભટકતું હોય એને આ લાભ મળતો નથી. **''नाशान्तमानसो वापि''** એનું એ જ કહે છે કે જેના મન શાંતિ ન હોય એને આ પ્રકારની બ્રહ્મ પ્રજ્ઞા સ્થિર થતી નથી. એટલે હું બ્રહ્મ છું આ બધું બ્રહ્મ છે બધે બ્રહ્મ આનંદ સ્થિર છે. આવી બુદ્ધિ જ્યાં સુધી દુશ્ચરિત્ર છૂટે નહિ ત્યાં સુધી થાય નહિ. એટલા માટે સદાચારી બનવું એ ખાસ ઉપનિષદોએ બતાવ્યું કે **''आचारः प्रथमो धर्मः ।''** **''आचारहिनं न पुनन्ति वेदाः ।''** આચરણ વગરના જીવોને વેદો પણ પવિત્ર કરી શકતા નથી. એટલે ખૂબ આચરણ સારું રાખવું.

**શુધ્ધ ચિત્ત વિના (૨),**
**જપ તપ તીરથ વ્રત કરે શું થાય,**
**શુધ્ધ ચિત્ત વિના જો ન્હા એ ગંગ,**
**સો વરસ સુધી જો કરે સત્સંગ,**
**તોયે રૂદિયામાં નવ લાગે રંગ (૨),**
**શુધ્ધ ચિત્ત વિના...**
**શુધ્ધ ચિત્તે સાધન સૌ થાય,**
**અજ્ઞાન અંતરનું સૌ જાય,**
**હૃદયે દરસે આતમ રાય (૨),**
**શુધ્ધ ચિત્ત વિના...**
(સ્વામી પ્રીતમદાસજી)

**यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।**
**मृत्युर्यस्योयसेचनं क इत्था वेद यत्र सः ॥ २५ ॥**
**॥ १-२-२५ ॥**

ફરીન ભગવાન (યમરાજા) વ્યવહારીક વાતો બતાવતા કહે છે કે **''यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।''** જે પરમાત્માનું બ્રાહ્મણ ને ક્ષત્રિય... જે જગત છે એ બધું જ ભગવાનને ખાવાનું અન્ન છે. બધું ભગવાનમાં ભળી જાય છે. એમ એનો અભિપ્રાય છે. નદીઓ બધી ક્યાં ભળી જાય ? બોલો ? ....સાગરમાં. તો જમે આ સાગર બધી નદીઓ ખાઈ જાય છે એમ બોલાય કે નો બોલાય ? બોલો ? એમ આખું જગત ભગવાનની અંદર લીન થઈ જાય છે એટલે ભગવાન બધાને ખાઈ જાય છે. એને કાળ કહો કે મહાકાળ કહો કે ભગવાન કહો જે કહેવું હોય એ... આખું જગત જેમાંથી આવે છે જેને આધારે રહે છે. પછી અંદર લીન થઈ જાય એ ત્રણ શબ્દને વારંવાર યાદ રાખવા, રહ્યું ને યાદ ? બોલો ? એથી શું લાભ થશે ? કે બ્રહ્મ જ્ઞાનય થશે ને ભક્તિ પણ થશે. ભક્તિ કેમ થશે કે ભગવાનથી થયા છે પછી ભગવાનનું ભજન ન કરો તો કોનું કરો ? કોને આધારે જીવો છો અને જવાનું ક્યાં છે ?

**એક દીન જાવું હરિના ધામમાં,**
**ચેતીને ચાલો સંસારમાં, એકદીન....**

તો આખું વિશ્વ, બ્રાહ્મણ, ક્ષત્રિય... એ તો ઉપલક્ષણ છે પણ બ્રાહ્મણ ક્ષત્રિય માત્ર નહિ પણ આખું વિશ્વ જેનું **'ओदनः'** છે એટલે જેનું ભોજન છે.

**यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।**
**मृत्युर्यस्योयसेचनं क इत्था वेद यत्र सः ॥ २५ ॥**

અને મૃત્યુ છે ને એ જેનું શાક કે ચટણી છે. ભગવાન મૃત્યુને પણ શું કરી જાય ? બોલો ? ચાટી જાય ચટણી કરી જાય. આ પરમાત્માને કોણ સમજે ? કહે છે કોણ જાણી શકે ? પોતે પોતાની મેળે જણાય છે. પોતે શું જણાય ? બોલો ? એટલે હું એ બ્રહ્મ છું એમ જાણે છે. એનાથી જૂદું રહીને જાણી શકાતું નથી. એટલે **''देवो भूत्वा देवं यजेद्''** દેવ થઈને જ દેવનો યજન થાય. બ્રહ્મ થઈને જ બ્રહ્મને જણાય છે. જીવ થઈને બ્રહ્મ જણાતા નથી. જે લોકો કહેને 'હું જીવ છું, હું જીવ છું' ત્યાં સુધી હજી ક્યાં બ્રહ્મ જોયા છે ? પણ તમે પોતે જ બ્રહ્મ થાવ તો તમે પોતાને જોયા કે ન જોયા ? પણ ઘણાં એમ બોલે કે ક્યા જ્ઞાનીને ભગવાન મળ્યા ? ઘણાં કહે કે કયાં જ્ઞાનીને ભગવાન મળ્યા ? તો જ્ઞાનીને ભગવાન મેળવવાના છે કે બનવાનું છે ? બોલો ?

**ક્રમશ...**

# ❁ દોષ-મુકિતના માર્ગો

લેખક : શિવ ❁

॥ જય સચ્ચિદાનંદ ॥

કુસંગથી હંમેશા દૂર રહો. કુસંગ દુર્જન મનુષ્યોનો જ હોય છે એવુ ન માનશો. ખરાબ સ્થળ, વણહક્કનુ અન્ન, અશ્લીલ ગ્રંથો, બીભત્સ ચિત્રો, ગંદી વાતો, અપવિત્ર વાતાવરણ વગેરેનો પણ કુસંગ તરીકે ત્યાગ કરવો જરૂરી છે. એકધારા કુસંગથી ખરાબ પરમાણુઓ દ્વારા, અંદરના સારા સંસ્કારો જ્યારે દબાઈદટાઈ જાય છે ત્યારે ખરાબ વાતો સ્વાભાવિક રીતે જ મનને ભાવે છે. જેવુ માણસનુ મન હોય છે તેવી જ તેની દ્રષ્ટિ બને છે, અને 'જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ' રચાય છે. સત્પુરુષને સંસાર સત્પુરુષોથી સભર ભરેલો જણાય છે, દુર્જનને દુનિયા દુર્જનોથી ઉભરાતી દેખાય છે; વાસનાયુકત માણસને વિશ્વમાં વાસનાનો વિજય થતો જણાય છે અને લોભી માણસને જગત લોભી લાગે છે. વાસ્તવિક રીતે તો જગતમાં બધી જાતના માણસો વસે છે; પરંતુ માનવી બીજાઓને પોતાના જેવો જ જુએ છે.

ગંદા વાતાવરણમાં રહેવાથી મન પણ ગદું થઈ જાય છે; પછી તેમાં ખરાબ સંકલ્પો ઊઠે છે. જેના મનમાં અસત્સંકલ્પો ઊઠે તેનાથી વધારે દુઃખી અને અપરાધી બીજો કોણ હોઈ શકે ? ખરાબ સંકલ્પોવાળો માણસ જગતમાં ખરાબ સંકલ્પો ફેલાવીને બીજાઓને પણ એવા જ બનાવે છે.

ચિત્તમાં હંમેશા સદ્ભાવનાઓ ભરવી જોઈએ. સદ્ભાવના પ્રગટાવવા માટે સત્સંગ, સદ્ગ્રથોનો સ્વાધ્યાય, સદ્ગુરુસેવન વગેરેની ખાસ જરૂરી છે.

જેના હૃદય સદ્ભાવનાઓ ભરી છે તે માણસ સુખી અને પરોપકારી છે; કારણ કે, તે પોતાની ભાવનાઓ દ્વારા જગતને સન્માર્ગે વાળે છે.

એવો નિશ્ચય કરો કે, મારા મનમાં ખરાબ વિચારો ઉદ્ભવી શકતા નથી.

હુ પવિત્ર છુ. પ્રભુની પરમ કૃપાથી મારુ હૃદય પરમ શુદ્ધ બની ગયુ છે.

સર્વશકિતમાન પ્રભુનો અભય હસ્ત મારા માથા પર મુકાયેલો છે.

હું તેમની છત્રછાયામાં બેઠો છુ. પાપ-તાપ મારી પાસે ઊભા રહી શકે તેમ નથી.

વળી, એ પણ નિશ્ચય કરો કે, હુ દુઃખથી બહુ દૂર છુ; મારામા દુઃખ પ્રવેશી શકતુ નથી. બધામાં અનુકુળની ભાવના કરીને કાયમને માટે સુખી થઈ જાઓ.

શોકને પ્રસંગે એવો નિશ્ચય કરો કે, મારા માટે શોકનો પ્રસંગ સંભવી શકતો નથી. પ્રકૃતિ પરીવર્તનશીલ હોવાથી સર્જન અને સંહારનો ખેલ પ્રત્યેક પળે ખેલાઈ રહ્યો છે. વસ્તુનુ રૂપાંતર થાય છે, પરંતુ તેનુ મુળ નાશ પામતુ નથી. પછી મારે શોક કરવાની શી જરૂર? અથવા એવુ નક્કિ કરો કે મારા પ્રભુ જે કાઈ કરે છે તે મારા હીતનુ જ છે.શોક કરવો એતો પ્રભુના કાર્યનો વિરોધ કરવા બરાબર છે. ઊંડુ ચિંતન કરવાથી જણાશે કે, પ્રભુ જે કંઈ કરે છે તેની પાછળ આપણા કલ્યાણની જ ભાવના ભરેલી છે.

કામવિકારને પ્રસંગે એવો વિચાર કરો કે સમસ્ત સંસારનુ સૌંદર્ય, મારા પ્રભુ જે સૌંદર્યસિંધુ છે-નુ એકાદ નાનકડુ બિંદુ જ છે. મોહવશાત્ હુ તે પરમસુંદર પ્રભુને છોડીને હાડ માંસના થેલા પર મોહીત થઈ રહ્યો છુ. હું મારા પ્રભુની દયાથી આ અજ્ઞાનને તાબે નહી થાઉ. હુ નિર્મળ છુ, હુ અસંગ છુ, મારા હૃદયમા રામ છે, હુ રામનો છુ, રામ મારા છે, રામ મને પોતાનુ સ્વરૂપ માને છે; આથી મારી પાસે કામ ફરકી શકતો નથી. મારા રામની શોભા આગળ આખા જગતની શોભા તુચ્છ છે-જેમ ચંદ્ર આગળ તારાઓની હોય છે તેમ.

ક્રોધને પ્રસંગે મનને મજબુત બનાવી ચુપ થઈ જાઓ, અને વિચાર કરો કે જગતમાં સર્વત્ર મારા પ્રભુની જ આણ વર્તે છે. ભગવાન જ વિશ્વરૂપે પ્રકાશી રહ્યા છે. આથી ભગવાન પર હું ક્રોધ કેવી રીતે કરુ ? વળી એવુ નક્કિ કરો કે, હું ક્રોધથી પર છુ. મારા હૃદયમાં હરહંમેશને માટે ક્ષમનો વાસ છે. જડચેતન તમામ જીવો સાથે પ્રેમ, મૈત્રી, ક્ષમા અને દયાનો વ્યવહાર રાખવાની મારી ફરજ છે. કડવામા કડવા વેણ અને અસહ્યમા અસહ્ય વ્યવહારને હુ રાજીખુશીથી સ્વીકારી લઈશ. મારા મનમા કોઈને માટે વેર નથી, માટે હુ ક્રોધને કદાપિ વશ નહી થાઉ.

લોભની વાત આવે ત્યારે મનમા વિચાર કરો કે, હું પુર્ણકામ છુ. મારે કોઈ ચીજની શી પડી છે ? મને લોભાવનારી કોઈ ચીજ જગતમાં હયાતી ધરાવતી

નથી. મારામા કોઈ કામના યા વાસના નહિ હોવાથી હું શું કામ ડરુ ?

દરરોજ અમુક સમય નક્કિ કરીને એકાંતનુ સેવન કરો. સાથે સાથે બની શકે તેટલુ મૌન પણ જરૂર પાળો. શરીરીનુ એકાંત અને વાણીનું મૌન પણ ઘણુ જ આવશ્યક અને ફળદાયક છે. એકાંત અને મૌનમાં ભગવાનનું ધ્યાન અને ભગવાનના નામનું સ્મરણ કરો. મનમાં એકાંત યા મૌન માટે સાધના કરો. મન જ્યારે નિઃસંકલ્પ થઈ જાય ત્યારે મનનુ એકાંત અને મૌન સિદ્ધ થયુ ગણાય. ચિત્ત સર્વથા નિર્વિષય થઈને કેવળ અચિંત્ય પરમાત્માના સ્વરૂપમાં ચોંટી જાય ત્યારે જ તેનો સાચો સ્વાદ મળશે. પછી શરીર અને સંસાર-દેહ અને દુનિયાનુ ભાન આપમેળે ભુલાઈ જશે.

વાણીનો આટલો સંયમ તો અવશ્ય કરો-કામ વિના બિનજરૂરી વાતો બિલકુલ બંધ કરો, કોઈની ચાડી-ચુગલી ન કરો, કોઈની ભારોભાર પ્રશંસા પણ ન કરો, ગંદા શબ્દો બોલવાનુ તદ્દન છોડી દો. મુખમાંથી કડવાં વેણ ન ઉચ્ચારો, અસત્ય અને બીજાનુ અહીત કરનાર શબ્દો તો મોંમાથી કોઈ દિવસ બહાર ન કાઢો.

મનમાં ભય, અશાન્તિ, ઉદ્વેગ અને વિષાદને સ્થાન ન આપો. ભગવાનની દયા, આત્માની પવિત્રતા ને તેની નિત્યતામાં વિશ્વાસ રાખી હંમેશા શાન્ત, નિર્ભય અને પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરો. ઉત્તેજના અને ઉતાવળથી શારીરિક તેમજ માનસિક રોગો થાય છે. તેમાંના કેટલાક અસાધ્ય બનતાં જીવલેણ નીવડવાની પૂરેપૂરી શકયતા છે.

કોઈનો અનાદર ન કરો. કોઈને તુચ્છકારી ન રાખો. કોઈનુ દિલ ન દૂભાવો. જાતે સહન કરતાં શીખો, પરંતુ સ્વાર્થવશાત્ બીજાને સહન કરવા માટે ફરજ ન પાડો.

કોઈ પણ સત્કાર્યમાં જોડાયેલા માણસને હતાશ કરવાનો હલકો પ્રયાસ ન કરો.

તેને પ્રોત્સાહન આપો અને યથાશકિત તેના સત્કાર્યમાં સહાય કરો.

ગરીબ, દીન, રોગી અને અતિથિમાં ભગવાનને વિશેષરૂપ જોઈને તેમની ખાસ સેવા કરો. ખુબ આદર અને સ્નેહપુર્વક તેમની સાથે વર્તો. તેમનુ દુઃખ દૂર કરવામાં યથાશકિત મદદ કરો અને તેમને ‘પોતાના’ બનાવીને પ્રભુના ભજનમાં જોડી દો.

હ્રદયની સરળતામાં દેવત્વ વસેલુ છે અને કપટમાં રાક્ષસત્વ રહેલુ છે. મનને સરળ બનાવો. ખરી-ખોટી વાતો ઊભી કરતાં ન આવડે તો ચિંતા ન કરશો. સંભવ છે કે કપટી યા વાચાળ માનવીની નજરે તમે મુર્ખમા ખપો અથવા લોકોની ભ્રામક દષ્ટિએ તમે ઐહીક ઉન્નતિ ન સાધી શકો, છતાં એટલુ તો નક્કિ માનજો કે, છળ-કપટ દ્વારા પોતાને ‘બુદ્ધિશાળી’ સાબિત કરનાર વ્યકિત કરતાં તમે અનેકગણી ઊંચી કક્ષાએ છો.

એક મહાત્માએ કહ્યું હતુ કે, આજકાલ લોકો ઉપર ઉપરથી શબ્દોના સાથિયા પુરતા શીખી ગયા છે; પરંતુ અંદરથી તેમનાં હ્રદયમાં નર્યો દંભ ભર્યો હોય છે. પહેલાના લોકોને ભલે બોલતાં નહોતુ આવડતું, પરંતુ તેમના હ્રદય ભોળા હતા. પોતાના દોષને સિફતપુર્વક સંતાડવાની યુકિત-પ્રયુકિતની તેમને ગમ નહોતી. સાવધાન, દંભી બનીને કર્ણપ્રિય વાણી બોલનાર સભ્ય સમાજના સભ્ય થવા કરતાં ખરા હ્રદયથી સાદી-સીધી વાત કરનાર સામાન્ય ગ્રામજનતામાં ભળી જવું એ સાચી ઉન્નતિનુ લક્ષણ છે. સરળતામાં પવિત્રતાનો વાસ છે અને કપટમાં અપવિત્રતાનો નિવાસ છે. કપટી મનુષ્ય બીજાને જેટલું નુકસાન પહોંચાડે છે તેના કરતાં અનેકગણુ વધારે નુકસાન પોતાની જાતને પહોંચાડે છે.

તમારા પાપોને છુપાવો નહિ અને પુણ્યોને પ્રગટ ન કરો. છુપાવવાથી પાપો વધશે અને પ્રગટ કરવાથી ઘટશે. પુણ્યને કપુર સમજો. બાટલીને મોઢે ડાટો નહિ મારો તો તે ઉડી જશે. પાપ ખરાબ વસ્તુ છે. તેને છુપાવ્યા કરશો તો તે અંદરને અંદર ઝેરી ગેસ પેદા કરીને હ્રદયના તમામ સાત્ત્વિક ભાવોને વિનાશ કરી નાખશે.

જીવનના પ્રત્યેક શ્વાસની કિંમત આંકો અને ખુબ સાવચેત બનીને ભગવચ્ચિંતન અને આત્મ-ચિંતન કરતાં રહીને લોકહીતના કાર્યોમાં તેને ખર્ચો. તમારી કોઈ પણ ક્ષણ એવી ન જવી જોઈએ, કે જેમાં તમારે હાથે બીજાને નુકસાન થાય. વાણી અને વિચારથી જ નુકસાન થાય છે એવુ નથી.

જો તમારા મનમાં અશુદ્ધ વિચાર દાખલ થાય તો માની લેજો કે, તમે તમારુ અને બીજાઓનું અકલ્યાણ કરી રહ્યા છો. મનમાં ખરાબ વિચાર ન ઉઠવા દો. પૂર્વજન્માર્જિત સંસ્કારોને લીધે કદાચ ઊઠે તો તેને નિર્દય હાથે દાબીને બહાર હાંકી કાઢો.

કોઈપણ રીતે ખરાબ વિચારોને ટેકો ન આપો.

# જ્ઞાની અને અજ્ઞાનીની જીવનગાથા

રજુ. કેશવભાઈ જી. ભરોડીયા
(ગામ – પાલડી)

॥ જય સચ્ચિદાનંદ ॥

પ્રિય સજ્જનો જેનું કારણ જ મિથ્યા છે તો એનું કાર્ય કેવી રીતે સત્ય હોય ? આ આભાસ જે સંવેદન છે તે વિશ્વનું કારણ છે. જો આભાસ મિથ્યા છે તો વિશ્વ કેવી રીતે સત્ય હોય ? જો વિશ્વ જ અસત્ય છે તો ભય કોનો કરવો ? અને શોક કોનો કરવો ? હે સજ્જનો ? નથી કોઈ જન્મ લેતું, નથી કોઈ મૃત્યુ પામતું, નથી સુખ, નથી દુઃખ. આત્મા જેમનો તેમ સ્થિત છે. એમાં સંવેદન વિશ્વે કલ્પિત કર્યું છે. એટલે સંવેદનનો ત્યાગ કરીએ કે નથી હું, નથી આ. જ્યારે આપણો એવો નિશ્ચય દ્રઢ થશે ત્યારે પછી આત્મા જ શેષ રહેશે. અને અહંકાર દૂર થઈ જશે. કેમ કે એ આત્માના અજ્ઞાનથી થયો છે. આત્મજ્ઞાનથી અહંકાર નષ્ટ થઈ જાય છે. હે સજ્જનો જ્યારે વસ્તુ ભ્રમથી સિધ્ધ થાય અને સત્ દ્રષ્ટિ આવે એને વિચારીએ. જો રહે તો સત્ય જાણો અને આત્મા જાણો. અને જે વિચાર કરવાથી નષ્ટ થઈ જાય એને મિથ્યા જાણો. જેવી રીતે હીરો પણ સફેદ છે. અને બરફનો ટુકડો પણ સફેદ હોય છે. બંને એક જેવા જણાય છે. એની પરીક્ષા માટે બંનેને સૂર્યની સામે રાખો. જે ગરમીથી પીગળી જાય એને જૂઠું જાણો અને જેમનો તેમ રહે એને સત્ય જાણો. એવી રીતે વિચાર રૂપી સૂર્યની સામે રાખો તો અહંકાર બરફની જેમ નષ્ટ થઈ જશે. કેમ કે અહંકાર અનાત્મ અભિમાનમાં હોય છે. તે તુચ્છ છે. સર્વવ્યાપી નથી અને ઈન્દ્રિયોની ક્રિયા પોતાનામાં માને છે. જે પરમ ધર્મની કલ્પના પોતાનામાં કરે છે તે તુચ્છ છે અને પોતાને અલગ જાણે છે તથા પોતાનાથી બીજા પદાર્થોને ભિન્ન માને છે. એટલા માટે વિચાર કરવાથી તે બરફના હીરાની જેમ મિથ્યા હોય છે. અવિચાર સિદ્ધ છે. વિચાર કરવાથી નષ્ટ થાય છે. આત્મા બધાનો સાક્ષી જેમનો તેમ રહે છે. અહંકારનો પણ અને ઈન્દ્રિયોનો પણ સાક્ષી છે. સર્વવ્યાપી છે. જે સત્ય વસ્તુ છે, એની ભાવના કરો અને સમ્યગ્દર્શી બનો. સમ્યગ્દર્શીને કોઈ દુઃખ નથી. જે કંઈ દ્રશ્ય પદાર્થ છે, તે સુખદાયી નથી. દુઃખદાયી છે. જ્યાં સુધી એનો સંયોગ છે ત્યાં સુધી સુખ દેખાય છે. જ્યારે વિયોગ થાય ત્યારે દુઃખ પામે છે. એટલા માટે આપણે ઉદાસીન થઈ જવું જોઈએ. કોઈ દ્રશ્ય પદાર્થને સુખદાયી ન જાણો અને દુઃખદાખી પણ ન જાણો. સુખ અને દુઃખ બંને મિથ્યા છે. એમાં આસ્થા ન રાખવી. અહંકાર સહિત જે આપણું સ્વરૂપ છે એમાં સ્થિત થવાનો પ્રયત્ન કરવો. પૂજ્ય ગુરુજી આપણને વારંવાર કહેતા કે શરીર મારૂ નથી અને શરીર હું નથી તે મિથ્યા અહંકાર થી સુખ દુઃખ થાય છે. જયારે અહંકાર નષ્ટ થશે ત્યારે પોતે પોતાના જન્મ મરણ વિકારોરહિત આત્માને જાણશું કે હું નિરહંકાર છું. બ્રહ્મ છું. ચિન્માત્ર છું. એવી રીતે અહંકાર રહિત થવું. પોતાના ન થવુ પણ નહીં રહેશે. કેવળ ચિન્માત્ર રહેશે. આપણે આનંદરૂપ, શાંતરૂપ, રાગદ્વેષના ક્ષોભ રહિત થઈ જઈશું. જયારે એવા પોતે પોતાને જાણી લઈશું ત્યારે શોક કોનો કરીશું ? તો આ પૂજ્ય ગુરૂજીના ઉપદેશ પર વિચાર કરી અને આત્મા સત્ય છે માટે આત્માની ભાવના કરવી. અને સમ્યગ્દર્શી બનીએ. સત્યને સત્ય જાણીએ અને અસત્યને અસત્ય જાણીએ. જે અસમ્યગ્દર્શી છે તે સત્યને અસત્ય માને છે અને અસત્યને સત્ય માને છે. અસત્ય વસ્તુ તો સ્થિર નથી રહેતી. એવું ન જાણવાથી અજ્ઞાની દુઃખ પામે છે. જેવી રીતે સુવર્ણમાં આભુષણ કલ્પિત છે. એ આભૂષણ નષ્ટ થતાં મૂર્ખ સુવર્ણને નષ્ટ માને છે. એવી રીતે અજ્ઞાની દેહ નષ્ટ થતાં પોતાને નષ્ટ થયેલો જાણે છે. માટે આપણે દેહ, ઈન્દ્રિયોના અભિમાન રહિત બનીએ. અભિમાન રહિત ઈન્દ્રિયોની ચેષ્ટા જયારે કરીશું ત્યારે શુભ-અશુભ ક્રિયા આપણને બાંધી નહી શકે. જો અભિમાન સહિત કરીશું તો શુભ-અશુભ ફળને ભોગવવા પડશે. જે મૂર્ખ અજ્ઞાની છે તે એવી ક્રિયાનો આરંભ કરે છે. જેનો કલ્પ સુધી નાશ થતો નથી અને ઈન્દ્રિયોના અભિમાનનો પ્રતિબિંબ પોતે પોતાનામાં માન છે. હું કર્તા છું. હું ભોક્તા છું. એવું માનવાથી અનેક જન્મ પામે છે. એના કર્મોનો નાશ કદી નથી થતો અને જે તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષ છે

તે પોતે પોતાને દેહ, ઈન્દ્રિયો અને ગુણો રહિત જાણે છે. એનાં સંચિત અને ક્રિયમાણિ કર્મ નષ્ટ થઈ જાય છે. સંચિત કર્મ વૃક્ષ જેવા છે. અને ક્રિયામણ ફૂલ-ફળ જેવા છે. જેવી રીતે રૂ લપેટીને આગ લગાડવાથી વૃક્ષ, ફૂલ, ફળ, સૂકા ઘાસની જેમ બળી જાય છે, એવી રીતે જ્ઞાનરૂપી અગ્નિથી સંચિત અને ક્રિયમાણ કર્મ બળી જાય છે. એટલા માટે જો ચેષ્ટા વાસના રહિત થઈ કરીશું તો બંધનરૂપ નહિ થાય. ઈચ્છા રહિત થઈ ચેષ્ટા કરવાથી કોઈ બંધન નથી હોતું. જો કે બધી ચેષ્ટાઓ આપણી અંદર જણાશે તો પણ આપણે વાસના રહિત થઈ જઈશું. પુનર્જન્મ નહીં થાય. આપણી અંદર બધી ક્રિયાઓ થતી દેખાશે. પરંતુ જન્મનું કારણ નહીં થશે. પુણ્ય ક્રિયાનું ફળ સુખ નહીં ભોગવે અને પાપ ક્રિયાનું ફળ દુઃખ નહીં ભોગવે.આપણને પાપપૂણ્યનો સ્પર્શ નહીં થાય. એટલા માટે અભિલાષા રહિત થઈ. પોતાનો સ્વાભાવિક વ્યવહાર કરીએ. જેવી રીતે ઝેર ખાનાર છે એને ઝેર નથી મારી શકતું. એવી રીતે જ્ઞાનીને કોઈ ક્રિયા નથી બાંધી શકતી. જ્ઞાની ક્રિયા કરવામાં પણ પોતાને અકર્તા જાણે છે. અને અજ્ઞાની ન કરવા છતાં પણ પોતાને કર્તા માને છે. જે દેહ ઈન્દ્રિયોથી ક્રિયા કરે છે તેને અભિમાન રહિત ભોગવીને અકર્તા બનવું. જે પુરુષ કર્મથી ઈન્દ્રિયોનો સંયમ કરે છે પણ મનમાં વિષય ભોગની તૃષ્ણા રાખે છે. જેનું અંતઃકરણ રાગદ્વેષથી મૂઢ છે, મોટા કામને ઉઠાવે અને દુઃખી થાય છે, તે મિથ્યાચારી છે. જે પુરુષ મનથી ઈન્દ્રિયોના રાગદ્વેષ રહિત છે. અને કર્મ ઈન્દ્રિયોથી ચેષ્ટા કરે છે. તે વિશેષ છે. તે પોતાના મનમાં કશું કરતો નથી. તે મોક્ષ પામે છે. માટે અકર્તારૂપ થઈને ફરીએ. આ પ્રમાણે વિચારવાથી આત્માને યથાવત્ જણાશે. હંમેશા ઉદયરૂપ સર્વપ્રકાશ પોતે પોતાને જાણીશું. ત્યારે આપણે જન્મ મરણના બંધનથી મુક્ત થઈશું. એ પદને મેળવીને પરમ શાંતિમાન થઈશું. બીજી સર્વકળા અભ્યાસ વિશેષ વિના નષ્ટ થાય છે. જેમ અનાજ વાવવામાં આવે છે તો તે દિનપ્રતિદિન વધવા લાગે છે. એવી રીતે જ્ઞાનકલા પ્રાપ્ત થાય છે તો તે દિનપ્રતિદિન વધે છે. જયારે જ્ઞાન ઉત્પન્ન થઈ જવાથી એમ જાણે છે કે હું નથી મરતો, નથી ઉત્પન્ન થતો. નિરહંકાર, નિષ્કિંચન રૂપ છું. બધાનો પ્રકાશ છું. અજર છું. અમર છું. એવી રીતે જ્ઞાની જ્ઞાનકળાને મેળવીને અસત્ પદાર્થોમાં મોહ પામતા નથી. જેવી રીતે દૂધ વલોવીને ઘી કાઢી લેવામાં આવે તો ફરી નથી મળતું. એવી રીતે જેણે જ્ઞાન કળાનો ઉદય પ્રાપ્ત થયો, એને મોહનો સ્પર્શ નથી થતો. માટે પુરુષ પ્રયત્ન એ છે કે પોતાના સ્વરૂપમાં સ્થિત થવું. અને જે પુરુષને આત્માની ભાવના થઈ છે તે સંસાર સાગરની પાર પહોંચ્યો છે. અને જેને સંસારની ભાવના છે તે સંસારી જરા, મૃત્યુના દુઃખને પ્રાપ્ત થાય છે. મોટું આશ્ચર્ય છે કે શુદ્ધ આત્મામાં માયાથી અનેક પ્રકારના શરીર, ઈન્દ્રિયો, દ્રશ્ય પ્રતીત થાય છે. તો દ્રશ્યનું કારણ શું છે ? તો દ્રશ્યનું કારણ અજ્ઞાન છે. જે આત્માના અજ્ઞાનથી દ્રશ્ય દેખાય છે. એના જ જ્ઞાનથી લીન થઈ જાય છે. એટલા માટે એ સંવેદનને ત્યાગીને આત્માની ભાવના કરવી જોઈએ. આ હું છું, આ મારાં છે, એ મિથ્યા જ સ્ફૂરે છે. પહેલાં જે કારણરૂપથી જીવ ઉત્પન્ન થયા છે. એ આદિ જીવથી અનેક જીવ ગણ થયા છે. કોઈ ગંધર્વ, કોઈ વિદ્યાધર, કોઈ મનુષ્ય, કોઈ રાક્ષસ વગેરે જે સંકલ્પ થતા ગયા, એવાં રૂપ થતાં ગયાં. હકીકતમાં જેમ જળમાં તરંગ સ્વરૂપના પ્રમાદથી અનેક ભાવો પામે છે, પોતાના સંકલ્પથી પોતે જ બંધનરૂપ થતા જાય છે. એટલા માટે સંકલ્પની અનેકત્વ કલના મિથ્યા છે. મિથ્યા છે. એ ભાવના ત્યાગીને આત્મપદના શરણને પ્રાપ્ત થાવ. એ આત્મા અનંત છે. સમુદ્ર સમ છે. એમાં કયારેક આવર્ત ઉઠે છે. કયારેક પરપોટા થાય છે. તે જળથી ભિન્ન નથી. નામની અનેકતાથી એની વાસ્તવિકતામાં ઓછપ નથી આવતી. આત્મામાં અનેક પ્રકારનું વિશ્વ સ્ફૂરે છે, તે આત્માથી ભિન્ન કશું નથી. એટલા માટે આત્માની ભાવના કરો. કયાંક બ્રહ્મ સત્ સંકલ્પ થઈને સ્ફૂરે છે. જ્ઞાની જાણે છે. હું બ્રહ્મ છું અને શુદ્ધરૂપ છું. હંમેશા મુક્ત છું. હું આ સંસાર સમુદ્રની પાર પહોંચી ગયો છું. જ્યાં ચેતન શક્તિ છે ત્યાં પોતાને જીવતો માને છે. દુઃખ રહિત જાણે છે.

# લક્ષ્મીનો સદ્ઉપયોગ કરો

રજુ. દિનેશ એન. લાઠિયા
(જરીયા)

આપણી ભારતીય સંસ્કૃતિમાં લક્ષ્મીપૂજનનું ઘણું મહત્ત્વ છે. લક્ષ્મીને તુચ્છ કે ત્યાજય માનવાની ભૂલ આપણે કરતા નથી. લક્ષ્મીને માતા માની ભાવપૂર્વક તેની પૂજા કરવામાં આવે છે. ધન તેરસના દિવસે ધનાઢ્ય વેપારીઓથી માંડી નાના ગજાના માણસો તે દિવસે પેઢીમાં, ઓફિસોમાં, ઘરમાં લક્ષ્મીજીનું પૂજન કરે છે. વૈદિક ઋષિએ લક્ષ્મીજીને ઉદેશીને શ્રીસુક્ત રચ્યું છે. તેનો અર્થ "મહાલક્ષ્મીને હું જાણું છું, (જે) વિષ્ણુ પત્નીનું ધ્યાન ધરું છું. તે લક્ષ્મી અમારા મન, બુધ્ધિને પ્રેરણા આપે." આ લક્ષ્મી માતા પ્રસન્ન થાય અને તેનો વાસ થાય ત્યારે વેપાર ધંધામાં બરકત આવે છે, સમૃધ્ધિ વધે છે અને માણસ ધનવાન બને છે અને તેની સાથે ગુરૂકૃપા હોય એટલે માણસ ધર્મવાન બને છે. લક્ષ્મી અમુલ્ય છે, મહાન શક્તિ છે. તેથી તે સારા (ધર્મવાન) માણસોના હાથમાં રહે એ જ ઉચિત છે. જેથી તેનો કલ્યાણકારી સદ્પયોગ થાય. માણસને ડગલે ને પગલે લક્ષ્મીની જરૂર પડે છે. રાજા હોય કે પ્રજા લક્ષ્મી વગર કોઈનો કારોબાર ચાલતો નથી.

લક્ષ્મીને ચંચળ કહેવામાં આવે છે. હકીકતમાં લક્ષ્મી ખુદ ચંચળ નથી. એ તો દેવી છે, માતા છે. સારૂ-નરસું જાણે છે. માણસની ઉન્નતિ માટે એ પધારી છે. લક્ષ્મીવાન માણસની મનોવૃત્તિ ચંચળ બને ત્યારે લક્ષ્મીનો દૂરુપયોગ શરૂ થાય છે અને માણસની પનોતીની પણ શરૂઆત થાય છે. લક્ષ્મીને ધન તરીકે સ્વીકારી તેને કેવળ ભોગવૃત્તિનું સાધન માનનાર માણસ અસુર વૃત્તિનો ગણાય છે. તેઓ પોતાનું પરિવારનું તથા સમાજનું અહિત કરે છે. લક્ષ્મીની અસીમ કૃપા કંઈ બધા પર ઉતરતી નથી. જેના પર ઉતરે છે તે બહુ ભાગ્યશાળી છે. તેણે લક્ષ્મીનું મૂલ્ય સમજવું જોઈએ અને અત્યંત વિવેકપૂર્વક તેને વાપરવી જોઈએ. મહેનત તો ઘણાં બધા કરે છે, બધાને મહેનત મુજબની લક્ષ્મી મળે છે ખરી ? જેના ઉપર ગુરૂની (કુદરતની) કૃપા વરસે તેના ભાગ્યનો ઉદ્દય થાય. એના લક્ષ્મીના ભંડાર ભરાય. આ ભંડાર કોના માટે છે ? તેની જાણકારી આપણે મેળવી લેવી જોઈએ. પોતે તો કેવળ આ લક્ષ્મીનો રક્ષક જ છે, ટ્રસ્ટી છે એવો ભાવ જાગવો જોઈએ. પોતે આ લક્ષ્મીનો ભક્ષક નથી, માલિક નથી એ વાત બરોબર સમજી લેવાની જરૂર છે. લક્ષ્મીજીનું માતૃવત્ પૂજન કરી તેને પ્રભુની પ્રસાદી ગણનાર માણસ પોતે પવિત્ર બને, ચારિત્ર્યવાન રહે, ઉદારતા દાખવે, એમાં લક્ષ્મીજીનો મહિમા જળવાય છે.

કોઈ કોઈ ધનેશ્વરીઓ આજે ધનનો મહિમા ભૂલી ગયા છે. લક્ષ્મીને રૂપિયામાં તબદીલ કરી દેવામાં આવી છે. એનું મહત્ત્વ ભોગ-વિલાસ, દંભ-દેખાડો અને ભૌતિક સુખ-સગવડો પૂરતું મર્યાદિત થઈ ગયું છે. ધનનો દુર્વ્યય વધી રહ્યો છે. વિકૃત માર્ગે જે વાપરવા લાગે તે અલક્ષ્મી, બિન જરૂરી ખર્ચાઓ, બે ફામ પણે વધી રહ્યા છે. માણસ ઉડાઉ બની રહ્યો છે. 'લૂંટો અને લૂંટાવો' ની નીતિ વધવા માંડી છે. જાત જાતના ઉપજાવી કાઢેલા સમારંભોના ઓઠા હેઠળ મોટા પાયે ખાણી-પીણી થાય છે. જલસા થાય છે. રોશનીની ઝાકમઝોળ અને બેન્ડવાજાના બે સૂરા અવાજ સાથેના બીભત્સ નાચગાન, ઢંગધડા વગરના પહેરવેશ અને હેત વગરનાં હસ્તધૂનન સાથેની 'ભવ્ય ઉજવણી' થાય છે. માપબાર ખર્ચ થાય છે. અખબારે, ચેનલો, મેગેઝિનોમાં બિનજરૂરી પ્રસંગને બહોળી પ્રસિધ્ધ મળે છે. લફંગાઓની પ્રશંસા થાય છે. પૈસાની રેલમછેલ વચ્ચે નિમ્ન કક્ષાના માણસને 'મૂઠી ઉમેરો માનવી' સાબિત કરવાની કોશિશ થાય છે. સમાજ બગડી કેમ રહ્યો છે ? તેનો કદાચ આ જ જવાબ હશે. પૈસા કયાં, કેટલા અને કેવી રીતે વાપરવા તેની યુક્તિ-પ્રયુક્તિ આજનો માનવી વીસરી ચૂક્યો છે. દેખા દેખીના ખેલમાં ગજાઉપરાંતનો ખર્ચ કરતા હવે કોઈ ગભરાતું નથી. દેવુ કરવાની, દેવાળું ફૂંકવાની નાનમ મોટા માણસને રહી નથી. તો નાનો માણસ શું કામ શરમ રાખે ? ખર્ચા કરવામાં પાછું વાળીને કોઈ જોતું નથી અમે સંતોષ પણ રાખતું નથી પરંતુ જયારે દાન દેવાની કોઈ ધર્મના કામમાં વાપરવાની વાત હોય તો માણસ નાનો થઈ જાય છે. બે ત્રણ મહિને નવા ટી-શર્ટ, શર્ટ, પેન્ટ, લેંઘા, જીન્સ ખરીદયા જ કરે છે અને બુટ ચંપલની ચાર જોડી પણ ઓછી પડે છે. ઘરમાં ઘરાઈને જમી ગયેલો માણસ લટાર મારવા બહાર નીકળે અને ટેસ્ટથી ફાલુદો, આઈસ્ક્રીમ, જયૂસ, ફાસ્ટફૂડ, જંકફૂડ, પાન-માવાની મજા સાથે સો-બસો રૂપિયા સહેજમાં ખર્ચી નાખે છે. ધનનું પ્રદર્શન

કરવાનો ધખારો આજે વધી રહ્યો છે. લાંચિયા અને ભ્રષ્ટ ભેજા બાજો આ અધમ કૃત્ય કરીને દેશના અર્થતંત્રને ખોરવી રહ્યા છે. લક્ષ્મીમાતાને 'કાળાનાણા' માં પરિવર્તિત કરીને તેનો બે ફામ વપરાશ કીર્તિ કમાવા માટે થતો હોય તે નીંદનીય ઘટના છે. પૈસા આવે છે, એના કરતા એ કયાં માર્ગે આવે છે એનું મહત્ત્વ વધારે છે. કોઈની હાય અને નિસાસા લઈને મેળવેલો પૈસો ઝેરી નાગ સમાન છે. એ પૈસાથી બંગલા-મોટર વસાવાય. ભવ્ય જિંદગી જિવાય, મોટા ખર્ચા થાય પણ તેથી માનવીય છાપ સુધરે ખરી ! કોઈનું મારી ખાધેલું તે મારી ખાધેલું જ રહે છે. ઈશ્વરના દરબારમાં બધી જ નોંધો હોય છે અને માણસે ઈશ્વરથી ડરીને ચાલવું જોઈએ માટે સદ્‌ગુરૂ પરમાત્માને આપણે પ્રાર્થના કરીએ કે અમારા ઘરમાં સાચી લક્ષ્મી આવે અને તેનો સદ્‌ઉપયોગ સારા ધર્મકાર્યમાં થાય એવી અમને શક્તિ આપજો એ જ સાથે સર્વોને જય સચ્ચિદાનંદ...

## ઈન્દ્રિયોનો સંયમ

રજુ. લત્તા અરવિંદભાઈ માંગુકિયા
દડવા (રાંદલના)

સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન.

પાંચ કર્મે ઈન્દ્રિય, પાંચ જ્ઞાને ઈન્દ્રિય અને અગિયારમું મન. આ બધામાં સંયમ રાખવો પણ સંયમ કયારે થાય. ઈન્દ્રિય જે જે વિષયમાં પ્રવૃત થાય ત્યાં ત્યાં દોષ બુધ્ધિ કરવી જેમ કે લાડુ બહુ ભાવે છે. પણ તેમાં ઝેર નાખેલ છે. તો તે લાડુ પ્રત્યે દોષ બુધ્ધિ થાય તેમ વિષયનું સુખ વિષ કરતા પણ ઝેરી છે. **વિષયોનું સુખ એવું વારે વારે મારે તેવું** માટે વિષયમાં દોષ બુધ્ધિ થાય તો આપો આપ ઈન્દ્રિય વિષયમાંથી પાછી વળશે.

જેમ કે નગર કે શહેરમાં શત્રુથી બચવા માટે કિલ્લો હોય છે તેમ ઈન્દ્રિયોને કિલ્લામાં કેન્દ્રિત રાખે તો શત્રુ રૂપી રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ ઉપર વિજય મેળવી શકાય. જો ઈન્દ્રિય ઉપર કિલ્લારૂપ બંધન નહિ હોય તો એક એક ઈન્દ્રિયથી પાપ રૂપી શત્રુ પ્રવેશ કરે છે. જીવને અધોગતિમાં નાખે છે ને મનુષ્યની બુધ્ધિને હરી લે છે. જેમ ભગવત ગીતામાં કહ્યું છે.

(અ.ર.શ્લોક-૬૭)

**ઈન્દ્રિયાણાં ચરતાં યન્મનોऽનું વિધીયતે ।**
**તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥**

જેમ વાયુ જળમાં વહેતી નૌકાને ખેંચી જાય છે તેમ વિષયમાં વિચરતી ઈન્દ્રિય મનને પણ લઈ જાય છે. તે ઈન્દ્રિયમાં આશક્ત પુરૂષની બુધ્ધિને હરી લે છે. વિષયોનું ચિંતન કરનાર મનુષ્યને વિષયમાં આસક્તિ જન્મે છે. આસક્તિથી વિષયની કામના ઉત્પન્ન થાય છે ને કામના ન પૂરી થાય તો ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ વડે મુઢતા આવે છે. તે મુઢતાથી સ્મૃતિ નાશ થાય છે અથવા ભ્રમ ઊભો થાય છે. સ્મૃતિનો નાશ થવાથી બુધ્ધિનો નાશ થાય છે. માટે જીતેલી ઈન્દ્રિય મિત્ર સમાન છે ને જીત્યા વગરની ઈન્દ્રિય શત્રુ સમાન છે. જે જીતેન્દ્રિય સાધન પરાયણ અને પરમાત્મામાં શ્રધ્ધા છે તે પરમાત્મા સુધી પહોંચી શકે છે. જેમ બહુ પત્ની વાળા પતિની જે દશા થાય છે. તેમ જીત્યા વગરની ઈન્દ્રિય અલગ અલગ વિષયમાં જીવાત્માને લઈ જાય છે. માટે ઈન્દ્રિયને સંયંમમાં રાખીને પરમાત્મા પરાયણ બનાવો. વિષય રસમાંથી મનને પાછું વાળો. એક એક વિષયનાં સુખને ખાતર જીવ મરણને શરણ પામે છે. જેમ રૂપમાં મોહિત થઈને પતંગીયું અગ્નિમાં બળે છે. તેમ રસમાં આસક્ત માછલી પણ મરણને પામે છે. હાથી સ્પર્શ વિષયમાં આસક્તથી મરણ પામે છે. હરણ શબ્દમાં આસક્તથી પકડાય છે ને પારધીને વશ થાય છે. ભમરો ગંધમાં મોહિત થાય છે ને મરણને પામે છે. આ પાંચેય જીવ તો એક એક વિષયના સુખ માટે મરણને પામે છે. તો પછી મનુષ્ય પાચેય વિષયમાં રાત-દિવસ આસક્ત રહે છે. તો તેમાં મનુષ્યની શી ગતિ થાય. વિષય રસમાં એટલો બધો આંધળો બન્યો છે કે પોતાનું સાચું સ્વરૂપ ભૂલી ગયો છે કે હું (સ્વયમ) પોતે સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ છું માટે વિષયની વાસના છોડો અને પરમાત્મા પરાયણ જીવનને બનાવો માટે ઈન્દ્રિય ઉપર સંયમ રાખવો. પરમાત્મા આપણને શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના...

॥ અસ્તુ ॥

# કર્મનો સિદ્ધાંત

રજુ. રમીલાબેન જી. ગાબાણી
(પીપળીયા)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમહંસ અસાધ્ય રોગથી પીડાયા. દેહના દંડ ભોગવી લીધા પરંતુ આ ભક્તોએ પોતાની ભક્તિ વટાવી નથી. ભગવાન પાસે પ્રારબ્ધમાંથી છટકવા માગણી કરી નથી. એક ચક્રવતી રાજાએ એક કંગાલ ગરીબ ભિખારીને કહ્યું કે તું મારી પાસે જે જોઈએ તે માગ. તુ જે અને જેટલું માગીશ તે હું તને આપીશ. ત્યારે પેલા ભિખારીએ રાજા પાસે માગ્યું કે મારું ભીખ માંગવાનું ચપ્પણિયું ભાંગી ગયું છે. તે નવું અપાવો. રાજાને આ સાંભળીને ઘણું જ દુ:ખ થયું. ભિખારીને માગતાં ન આવડયું. અઢળક સંપત્તિ ઈકોત્તેર પેઢી ચાલે તેટલું ધન માગ્યું હોત તો પણ રાજા આપત પણ અક્કરમી ભિખારીએ ભીખ માગવાનું નવું ચપ્પણિયું માગ્યું. આપણે પણ ભગવાન પાસે આવી ક્ષુલ્લક માગણીઓ કરીએ છીએ. તેથી ભગવાન નારાજ થાય છે. આપણે ભગવાન પાસે બહુ બહુ તો શું માગીએ છીએ. પાંચ પચીસ લાખ રૂપિયા માગીએ છીએ. પાંચ બંગલા, મોટરો માગીએ છીએ. દીકરા અને સુંદર નારી, સ્ત્રીઓ માગીએ છીએ. આ બધી માગણીઓ પેલા ભિખારીના ચપ્પણિયા જેવી છે.

કુન્તાજીએ અને ભક્ત નરસિંહે માગ્યું તેવું માગતા આપણને નથી આવડવાનું. પરમાત્માએ વગર માગ્યે આપણને મનુષ્ય દેહ આપ્યો છે. જે મોક્ષનું દ્વાર છે. તેનો ઉપયોગ કેવી રીતે કરવો અને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરવો તે શાસ્ત્રો અને સંતો દ્વારા તેમણે સમજાવ્યું પરંતુ આપણે પામર જીવો આપણો સ્વાર્થ સમજતા નથી. તેથી પ્રારબ્ધમાંથી છટકવાની ક્ષુલ્લક માગણી આપણે ભગવાન પાસે કરીએ છીએ. ભગવાન નારાજ થાય છે. આપણે ખરેખર અભાગિયા છીએ.

“સંચિત કર્મમાંથી કેમ છૂટવું” ઉપર જોઈ ગયા તેમ કર્મ યોગ દ્વારા ક્રિયમાણ કર્મને કન્ટ્રોલ કરી શકાય અને છૂટાય. ભક્તિ યોગ દ્વારા પ્રારબ્ધ કર્મ ભોગવીને છૂટાય પરંતુ સંચિત કર્મમાંથી કેવી રીતે છૂટવું તે ગંભીર સવાલ છે. કારણ કે ક્રિયમાણ કર્મ કરવામાં તો માણસ માત્ર સ્વતંત્ર છે અને તેને કન્ટ્રોલ કરવાં તે તેના હાથની વાત છે. તે જો ધારે તો ચોક્કસ કરી શકે. પ્રારબ્ધ કર્મ પણ સામી છાતીએ આવીને ઊભાં છે. તેને તો જીવનકાળ દરમિયાન ભોગવીને ખતમ કરી શકાય પરંતુ સંચિત કર્મ તો હજુ પાકીને ફળ આપવા તૈયાર થયા જ નથી. તે સામે આવીને ખડાં થયાં નથી. વળી તે તો થઈ ગયેલા ક્રિયમાણ કર્મો છે. એટલે પાછાં ના થયા. થઈ શકતા નથી. એક વખત થૂકેલું જેમ પાછું ગળી શકાતું નથી, એક વખત બોલાઈ ગયેલું વચન જેમ પાછું ખેંચી શકાતું નથી, એક વખત બંદૂકમાંથી ગોળી છૂટી તે જેમ બંદૂકમાં પાછી આવતી નથી તેવી રીતે એક વખત જે ક્રિયમાણ કર્મ થઈ ગયું જે સંચિતમાં જમાં પડયું છે. તે આ જીવનકાળ દરમિયાન પાકીને પ્રારબ્ધ રૂપે સામે આવીને ખડું થયું નથી. તેને ભોગવવા હવે પછી દેહ ધારણ કર્યા સિવાય છૂટકો થાય જ નહિ અને આ સંચિત કર્મો એટલાં થોડાં નથી કે જે એક જન્મમાં ભોગવી લઈએ. તો છાલ છૂટે અનાદિકાળથી અનેક જન્મના સંચિત કર્મ અસંખ્ય કરોડ હિમાલય જેવા ડુંગર ભરાય તેટલાં જીવની પાછળ પડયાં છે અને તે પાકતાં જાય તેમ તેમ પ્રારબ્ધ રૂપે ભોગવતા જઈએ. તો પણ અનંતકાળ સુધી અબજોના અબજો દેહ ધારણ કરીએ તોપણ તે ખૂટે તેમ નથી. તો પછી આમાંથી છૂટવું કેવી રીતે કારણ કે આ સંચિત કર્મો અનંતકાળ સધી જીવને જન્મ મરણના ચક્કરમાં ફેરવ્યા જ કરે તેટલા બધા છે અને તો પછી જીવને મોક્ષ થવા બિલકુલ અસંભવિત બની જાય. જયાં સુધી દેહ ધારણ કરવો પડે ત્યાં સુધી મોક્ષ થયો ગણાય નહિ. વેદાંત છાતી ઠોકીને કહે છે કે પરિસ્થિતિથી ગભરાવાની જરા પણ જરૂર નથી. જો જીવ ધારે તો આ ચાલું જીવનકાળ દરમિયાન જ તે તમામ સંચિત કર્મોને ખતમ કરી શકે છે. પરંતુ તે ભોગવીને ખતમ કરી શકાય તેમ નથી માટે તેનો એક જ ઉપાય છે કે સંચિત કર્મોના આટલા બધા અને મોટા ડુંગરો ભરેલા છે. તેમાં માત્ર એક જ દીવાસળી ચાંપી દેવાથી તે તમામ ભસ્મસાત્ થઈ જશે. આ ભયંકર ડુંગરોમાં અગ્નિ લગાડયા સિવાય બીજા કોઈ પણ ઉપાયે ને કોઈ કાળે આટલાં બધાં સંચિત કર્મો ખતમ

થવાના નથી અને તે અગ્નિ તે જ્ઞાનાગ્નિ છે. જેમ કર્મયોગ દ્વારા ક્રિયમાણ કર્મો કન્ટ્રોલ કરી શકાય અને ભક્તિયોગ દ્વારા પ્રારબ્ધ કર્મોને પૂરેપૂરા ભોગવી લેવાય તેમ જ્ઞાનયોગ દ્વારા અનાદિકાળથી અનેક જન્મ જન્માંતરના એકઠાં થયેલા, સંચિત કર્મોને ભસ્મસત્ કરી શકાય અને તેમ કરીને કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ દ્વારા જટાધારી તપસ્વીનાં વેશમાં વનમાં જવું પડયું છે. ભગવાન રામ પોતાના પિતા દશરથને તેમના પુત્રના વિયોગે મૃત્યુ થવાનું પ્રારબ્ધ ભોગવવામાં મદદ કરી શકયા નહિ અને તેમને ઓછામાં ઓછા ચૌદ વરસનું પણ પુર્નજીવન આપી શક્યા નહિ. જે રામના ચરણ રજના સ્પર્શ માત્રથી શલ્યાની અહલ્યા થઈ શકે. પથ્થરને પણ જે જીવનદાન આપી શકે. તે ભગવાન ખૂદ પોતાના બાપને જીવનદાન આપી શક્યા નહિ. કારણ કે અહલ્યાના પાપ પૂરાં થઈ ગયા હતાં અને તેનું પ્રારબ્ધ જીવનદાન આપવા તૈયાર થઈ ગયું હતું. જ્યારે રાજા દશરથે શ્રવણનો વધ કરેલો તે પાપ પ્રારબ્ધ બનીને રાજા દશરથને ફળ આપવા સામે ઉભું હતું તેમાં ખુદ ભગવાન પણ હસ્તક્ષેપ કરે નહિ. એટલે તો ભગવાને ગીતામાં સ્પષ્ટતા કરી છે કે,

**ન કર્તુત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।**
**ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥**
**નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈત્ર સુકૃતં વિભુઃ ।**
**અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥**

ગવર્નરે કાયદો કર્યો હોય કે વાહન ડાબી બાજુ એ હાંકવું પછી ખુદ ગવર્નર જો જમણી બાજુએ તેમની મોટર હંકારે તો નાનામાં નાનો પોલીસવાળો તેમની મોટરને રોકી શકે. તેમાં ગવર્નરનું કાંઈ ચાલે નહિં. ભગવાને પોતે કરેલા કર્મના કાયદાનું ચુસ્તપણે પાલન થાય તેમ ભગવાન ઈચ્છે છે. તો માણસે તેમની આજ્ઞા પ્રમાણે ભક્તિયોગ દ્વારા પોતાના પ્રારબ્ધ કર્મોને ભોગવી લેવા.

ભગવાન પાસે આપણે શું માગીએ છીએ. ભગવાન પાસે આપણને માગતાં પણ આવડતું નથી. આપણે ભગવાન પાસે એવી માગણી કરીએ છીએ કે મેં પાપકર્મ કરેલા છે. તેનાં ફળ સ્વરૂપે મારી સામે દુઃખ આપવા પ્રારબ્ધ ખડું થયું છે. તે ફળ મારે ભોગવવા ના પડે તેવું કરો. આવી ગેરવાજબી માગણી ભગવાન સ્વીકારે નહિં. પ્રારબ્ધ ભોગવવામાં ભગવાનની સિફારસ કે લાગવગનો ઉપયોગ ના કરાય. જગતમાં જે મહાન ભગવદ્ ભક્તો થઈ ગયા છે. તેમણે તેમના પ્રારબ્ધમાં આવેલા દુઃખ પ્રેમપૂર્વક ભોગવી લીધાં છે.

## ભજન

રજુ. મધુબેન પી. ભીકડીયા
(ઉખરલા)

હારે મને સાચાં સદ્‌ગુરૂ મળીયા,
હારે મારી ભ્રમની ભ્રમણા ભાગી રે... મને સાચાં...
હારે મારા ગુરૂજીએ ગોટલી આપી,
હારે મારા હ્રદય કમળમાં રોપી રે... મને સાચાં...
હારે મે' તો ખંતથી ખાતર નાખ્યા,
હારે મે' તો પ્રેમના પાણીડા પાયા રે... મને સાચાં...
હારે એમાં કરમનો કોટો ફુટ્યો,
હારે એમાં ધ્યાનની ડાળો આવી રે... મને સાચાં...
હારે તેને ત્રણસો પાસઠ પાન આવ્યા,
હારે એમાં મોરનો નો રહ્યો પાર રે... મને સાચાં...
હારે તેમા નાની નાની પાંખડી આવી,
હારે તેના ફળ થયા છે રૂપાળા રે... મને સાચાં...
હારે મે' તો દયાનો દાબો નાખ્યો,
હારે ઈતો પાકીને થઈ છે પીળી રે... મને સાચાં...
હારે મે' તો ઘોળી ઘોળીને રસ કાઢયો,
હારે એનો રંગ થયો છે કેસરીયો રે... મને સાચાં...
હારે રસ કાઢી કટોરા ભરીયા,
હારે રસ સંતો ભક્તોએ ચાખ્યો રે... મને સાચાં...
હારે રસ અખંડાનંદજીએ ચાખ્યો,
હારે રસ જગદીશાનંદજીએ ચાખ્યો રે... મને સાચાં...
હારે નરશીમહેતાએ ચાખ્યો,
હારે રસ પ્રહલાદજીએ ચાખ્યો રે... મને સાચાં...
હારે આંબો ભાવ ધરી કોઈ ગાશે,
હારે એને ગુરૂ ચરણોમાં વાસ થાશે રે... મને સાચાં...

# મનોમંથન (લાઈફ સ્ટાઈલ)

રજુ. હસમુખ પટેલ
(સુરત)

લાઈફ સ્ટાઈલમાં પુરૂષાર્થ એ કંઈક અલગ બાબત છે. પુરૂષાર્થ કરીને આગેલ વ્યક્તિ હરહંમેશા તાજો અને માનસીક રીતે પરિપક્વ હોય છે. પુરૂષાર્થથી કદાચ તેને કોઈ વખત થોડુંક ઓછુવત્તુ મળશે. પરંતુ શરીર સૌખ્ઈવ અને બીજા નેગેટિવ વિચાર તરફ ઓછો સમય આપી શકશે. તે હંમેશા ફાયદામાં જ રહે છે.

વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની નાની સરખી બાબતની કડવાશને મીઠાશમાં ફેરવવાનો પ્રયાસ આપણાં હાથવેંતમાં છે. જેના માટે શબ્દોની માળા જ કાફી છે. ડીફરન્ટ એંગલ, મીઠી કબુલાત, કમીટમેન્ટ યાને પ્રોમિસ, આંતરિક હિંમત, કંઈક અલગ વ્યક્તિત્ત્વ રૂપી મણકાને વ્યક્તિ ગણગણતો થાય તો લાઈફ સ્ટાઈલમાં ચાર ચાંદ લાગે.

આપણે પરિવારના સભ્યો ભલે પોતાને રાજકુંવર, મહારાજાધિરાણ, રાજકુંવરી ગણે, પરંતુ રાજમહેલમાં રહેવાવાળી દરેક વ્યક્તિએ એકબીજાને સમજવા પડશે, સાથે સાથે પ્રજામાં રહેલા, નાના ગરીબ વ્યક્તિના મનને પણ સમજવું પડશે. સુખ કાયમ ન પણ મળે. સુખની પરિભાષા ત્યારે જ સમજાય જયારે પોતે અરિસાની સામે, પોતાની પારદર્શકતા પુરવાર કરે. ખરેખર મિત્રો મનની શક્તિ અપાર છે. એક ચીજ આ જગતમાં એવી છે કે જે સસ્તામાં સસ્તી છે અને એના જેવી સારી ચીજ આ જગતમાં બીજે કયાંય નથી અને મિત્રો એ ચીજનું નામ છે **ઉત્તમ વિચારો** ! કોઈપણ વસ્તુ દુનિયામાં મફત મળતી નથી પણ તમે જો **ઉત્તમ વિચારો** કરવા માંગો છો તો એ માટે એક પૈસોય ચૂકવવો નથી પડતો. માત્ર એ માટે આપણે આપણાં મનને કેળવવું પડે છે. મિત્રો હીરો (ડાયમંડ) સારો છે પણ સસ્તો નથી. ધૂળ સસ્તી છે પણ સારી નથી. પણ મિત્રો **ઉત્તમ વિચારો** સારા તો છે જ પણ એની કોઈ કિંમત પણ નથી. આપણે એના સ્વામી થવા દોટ લગાવીશું ખરા ? દોસ્તો પરિવારને જો મજબૂતાઈ બક્ષવી છે તો એ માટે પરિવારના દરેક સભ્ય પાસે સહયોગની ભાવના, સમાધાનની તૈયારી, સંપની તાકાતનો ખ્યાલ, સંસ્કારની મૂડી અને સ્નેહનું અમૃત હોવું અતિ જરૂરી છે. મિત્રો આજની નવી પેઢીને એટલી જ શુભકામના પાઠવવી છે કે જગતના બજારમાં જે પરિવાર વ્યવસ્થાના કારણે આપણો (ભારત) દેશ ગર્વ અનુભવી રહ્યું છે એ પરિવાર વ્યવસ્થાને તોડી નાખવાનું પાપ તમો કયારેય કરશો નહિ.

મિત્રો "જિંદગી" નામના ત્રણ અક્ષરમાં એટલી બધી વિશાળતા છે કે એને સમજતા ગમે તેટલા શ્વાસ પણ ઓછા પડે તેમ છે. પેટમાં ગુટકા કે તમાકુ કે સિગારેટ ન પધરાવતા **સાલમ પાક** પધરાવી રહેલા યુવક માટે આપણે એટલું કહી શકીએ કે "આવતી કાલને એ ઉજ્જવળ બનાવી રહ્યો છે." ધંધામાં પૈસાના રોકાણથી આવતીકાલને કદાચ ઉજ્જવળ થાય છે. પણ ધર્મક્ષેત્રમાં સંપત્તિના રોકાણથી આવતો જનમ સો ટકા ઉજ્જવળ થાય છે. જે આવતી કાલને ઉજ્જવળ બનાવવાના પ્રયાસોમાં રત રહે છે એને સલામ કરવાનું મન થાય છે. પરંતુ જે આવતા જનમને ઉજ્જવળ બનાવવાના પ્રયાસોમાં રત રહે છે એને તો વંદન કરવાનું મન થાય છે. આવતી કાલને બરબાદ કરી રહેલા તિરસ્કારપાત્ર જીવો જો એકલાખ છે. આવતી કાલને ઉજ્જવળ બનાવી રહેલા સલામપાત્ર જીવો જો દશ હજાર છે. તો આવતા જનમને ઉજ્જવળ બનાવી રહેલા વંદન પાત્ર જીવો તો કદાચ દસની સંખ્યામાં જ છે. આપણો નંબર આ "દસ" માં લગાડી દેવા આપણે પ્રયત્નશિલ બની જશું ? - જીવનમાં પ્રગતિ કરવા માટે ત્રણ વાતો અવશ્ય ધારણ કરવી જોઈએ. મરમર-ઝૂક-ઝૂક-સિખ સિખ. હરેક ક્ષણ પોતાના અહંકારને મારીને નમ્ર ચિત્ત બનીને હંમેશા ઝૂકીને જીવનમાં નવી નવી વાતો શીખવાનો ઉમંગ રાખવો જરૂરી છે. જયારે આપણે આ ત્રણ ગુણોને પોતાની અંદર ધારણ કરીશું ત્યારે આપણાં હાથ નીચે કાર્ય કરતી વ્યક્તિઓના ધ્યાનમાં પણ એ આવશે કે આ વ્યક્તિ આટલી યોગ્ય અને કાર્યકુશળ હોવા છતાં આટલી નિરહંકારી છે અને સદા મોટાઓને માન અને નાનાઓને સ્નેહ આપીને ચાલે છે.

તો પછી ચાલો મિત્રો આજથી આપણે આ વચન લઈને કે આપણે સદૈવ-ઝૂકીને, નમ્ર થઈને બીજાના દિલ જીતીશું અને બધાને સન્માન આપતાં આપતાં આગળ વધતાં રહેશું. આમાંજ આપણી વાસ્તવિક જીત છુપાયેલી છે. આપના જીવનને હંમેશા મંગળમય બનાવે તેવી દિલથી શુભકામના...

સર્વો મિત્રોને જયશ્રી કૃષ્ણ...

## ઈશ્વરનો એક પત્ર મનુષ્ય ઉપર.

રજુ. લક્ષ્મણભાઈ જે. સોનાણી (ચકમપર)

પ્રિય મનુષ્ય, કુશળ હશો

મનુષ્યએ હંમેશા મારૂ સર્વ શ્રેષ્ઠ સર્જન રહ્યું છે એટલે કાયમ હું એની ફીકર કરતો રહું છું. ખાસ તો આ પત્ર લખવાનું પ્રયોજન એ છે કે તમારી તથા ત્યાં પૃથ્વીલોકનાં મારા સૌ ભક્તોની કાયમ ફરિયાદ મને મળતી રહી છે કે હું એમને દર્શન દેતો નથી કે એમની કોઈ વાત કાને ધરતો નથી એટલે જ આ પત્ર દ્વારા તમને સૌને મારા તરફથી કેટલીક સ્પષ્ટતા કરવા માંગું છે. સૌથી મારી હાજરીના પ્રયત્ન પ્રમાણની વાત કરૂં તો મારૂં મૃત સ્વરૂપ તો છે જ નહિ એટલે નરી આંખે કયાંથી દેખાઉં હું એક શક્તિ રૂપે સૌનાં અંતરમાં વસુ છું એટલે મને જાણવા બહાર આમ તેમ ભટકવાની બિલકુલ જરૂર નથી. ફક્ત તમારે ભીતરમાં જ દ્રષ્ટિ કરવાની જરૂર છે. વહેલી સવારે સૂર્ય નારાયણનાં સ્વરૂપે તમારે ઘર આંગણે સૌને દર્શન આપવા નિયમિત અચૂક હાજર થઈ જાઉં છું પણ એ જોવા માટે તમારી પાસે સમય કયાં છે. ત્યાં મૃત્યુ લોકમાં જયાં જયાં જીવન ફેલાયેલું છે. ત્યાં મારો વાસ રહેલો છે. પવન, વૃક્ષો, ફૂલો, પાણી, પતંગિયા, માનવો જેવા દરેક સજીવોમાં હું જ વસું છું. તમારે તો માત્ર તેના તરફ ધ્યાન આપવાનું છે. હે માનવ મારૂં સૌથી મોટું જીવંત પ્રમાણ તો તમારા ઘરમાં સાથે રહેતા તમારા માતા-પિતા જ છે. એની સરખામણીમાં તો બીજા બધા ધર્મ સ્થાનકો, દેવાલયો મારા નિર્જીવ રૂપો જ છે. તેને બદલે તમે તમારા માતા-પિતાની કાળજી લો. તેમની સેવા કરો, તો એ તમે મારી ભક્તિ કરી ગણાશે. એ કેવા આશ્ચર્યની વાત છે કે તમારી પાસે મોજ મઝા, આનંદ પ્રમોદ કરવા માટે ધન અને સમય છે પણ માતા પિતા પાસે બેસવા બે મિનિટ પણ નથી. માતા-પિતાની ઉપેક્ષા તિરસ્કાર કે વૃધ્ધાવસ્થામાં તેમની અવગણના કરવી વાસ્તવમાં તો આ બધાથી મારૂં જ અપમાન થયું ગણાય. એટલે જ તો તમારામાનાં પીઢ જ્ઞાની ચિંત કો કહેતા હોય છે ને કે ઈશ્વર જાતે સૌ મનુષ્યોને રૂબરૂ મળી શકતાં નથી એટલે એ માતાના રૂપમાં ઘેર ઘેર રહીને પોતાના સંતાનોને નિઃસ્વાર્થ પ્રેમ આપીને તેની કાળજી કરે છે. ફરીને તમને કહું છું, તમારા માતા પિતાને ખુશ રાખો. હું તમારી ઝોળી પૂષ્પથી છલકાવી દઈશ. હે માનવ મારૂ બીજું રૂપ દુનિયાના લાખો કરોડો નાના બાળકો છે. જેમાં તમારા પુત્ર-પુત્રી પણ સામેલ છે. તમારે મને જો હંમેશા ખુશ રાખવો હોય તો તમારી આસપાસના બાળકોને નિઃસ્વાર્થ સ્નેહ કરો. તેમના પ્રત્યે માયાળું વર્તન રાખો. શારીરિક તકલીફોવાળા તથા આર્થિક રીતે નિઃસહાય બાળકો એમાં જેઓ અનાથ છે, તેમની શક્ય હોય તેટલી મદદ કરો. તેમના આંસુ લુંછો. જો તેઓ તમારી તરફ હાસ્ય રેલશે તો સમજશો કે હું પણ તમને સ્મિત આપું છું. આ પત્રથી મને આશા છે કે તમને, માનવોને મારી તમારા તરફથી લાગણીઓનો થોડોક ખ્યાલ આવશે અને મારા વિષેની ગેર સમજણ દૂર થશે. મારાં અંતરના આશીર્વાદ હંમેશા તમારા સૌ પર રહેશે. મારી તરફ નિઃસ્વાર્થ પ્રેમ રાખનારને હું હંમેશા કૃપા કરીશ. અસ્તુ...

લી. તમારો હિતેચ્છુ મિત્ર ઈશ્વર...

## અને તું પાછો ધૂળમાં મળી જઈશ.

રજુ. ચિરાગ પી. ભિકડીયા (ઉખરલા)

જયારે આપણું મરણ થાય છે. ત્યારે આ પંચ મહાભૂતો - પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશનું બનેલું શરીર વિઘટિત થાય છે અને જડ પદાર્થો મૂળ તત્ત્વોમાં પાછા મળી જાય છે અથવાજેમ ખ્રિસ્તી ધર્મ ગ્રંથ બાઈબલ કહે છે. તેમ, "તું ધૂળ છે અને ધૂળમાં જ તું પાછો મળી જઈશ." કેટલાક શરીરને બાળે છે. કેટલાક તેને દાટે છે અને કેટલાક તેને પ્રાણીઓ માટે ફેંકી દે છે. ભારતમાં હિંદુઓ શરીરને અગ્નિદાહ આપે છે અને એ રીતે તેનું રાખમાં રૂપાંતર થાય છે. રાખ એ માટીનું બીજું રૂપ છે. ખ્રિસ્તી લોકો શરીરને દાટી દે છે અને કબરમાં થોડા વખત પછી તે શરીર છેવટે ધૂળમાં ફેરવાય છે. જે રાખની જેમ માટીનું બીજું રૂપ છે. ભારતમાં પારસી લોકો જેવા બીજા મનુષ્ય સમાજો છે. જેઓ ન તો શરીરને બાળે છે કે ન તો તેને દાટે છે. પરંતુ તેને ગીધડાં માટે ફેકી દે છે અને ગીધડાં તેને ખાઈ જવા તુરંત જ આવી જાય છે. પરિણામે શરીરનું છેવટે મળમાં રૂપાંતર થાય છે. માટે ગમે તે સંજોગમાં, જેને આપણે સાબુથી ઘસીએ છીએ અને સરસ સંભાળ રાખીએ છીએ, તે આ સુંદર શરીર છેવટે તો મળ, રાખ કે ધૂળમાં મળી જવાનું છે. મૃત્યુ સમયે આત્માનું વહન કરનાર સુક્ષ્મ તત્ત્વો (મન, બુદ્ધિ અને અહંકાર) આત્માના સુક્ષ્મ કણને કર્માનુસાર સુખ કે દુઃખ ભોગવવા બીજા શરીરમાં લઈ જાય છે.

# જપ ધ્યાનનો મહિમા

રજુ. નરેશ રતીલાલ જોષી
(રાજકોટ)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

**પ્રાતઃ સ્મરણીય પરમ વંદનીય શ્રી શુકદેવજી સ્વરૂપ શ્રી ડોંગરેજી મહારાજની સપ્તાહમાંથી...**

પરમાત્મા શ્રી કૃષ્ણનું 'નામ' અને 'ધામ' મંગલમય છે. જપ કરવાથી બધા પાપ બળે છે. ધ્યાન સાથે જપ કરવાથી મન સુધરે છે. ધ્યાન સાથે જપ ન કરવામાં આવે ત્યાં સુધી પાપ કરવાની આદત છૂટતી નથી. બહુ પુસ્તકો વાંચવાથી વાસના છૂટતી નથી. બહુ પુસ્તકો વાંચવાથી વાસના છૂટતી નથી પણ સત્સંગ કરવાથી પાપ કરવાની વૃત્તિ નાબૂદ થાય છે. જપથી જીવન સુધરે છે, સ્વભાવ સુધરે છે. ખૂબ જપ કરવાથી ધીરે ધીરે વાસના છૂટે છે. અનેક જન્મનાં પાપના સંસ્કાર જપ કરવાથી જ દૂર થાય છે. બોલવાનું ઓછું કરો તો જપ કરવાનો વધુ અવસર મળશે. ધન કમાવવું અને વાપરવું એ તો સહેલું કામ છે પણ એકાંતમાં બેસીને ભગવાનના નામનો જપ કરવો બહુ મુશ્કેલ છે. જપ કરવાથી મન શુદ્ધ થાય છે. સંસારમાં રહીને સતત ભક્તિ કરવી કઠિન છે. વર્ષમાં એકાદ મહિનો પવિત્ર તીર્થમાં જાઓ. ત્યાં મનથી એકાગ્ર ચિત્તે સંસારને ભૂલીને જપ-ધ્યાન-કીર્તન કરો તો મનખા-દેહ, જન્મારો સુધરી જશે. પ્રભુનું ધ્યાન કરતાં કરતાં જે દેહભાન ભૂલે છે, એની પાછળ પાછળ પ્રભુ ફરે છે, ધ્યાન કરતાં કરતાં મનુષ્ય જેમ જેમ જગતને ભૂલે છે, તેમ તેમ આનંદ મળતો જાય છે. જે ઠાકોરજીના સ્વરૂપમાં (ધ્યાનમાં) આપણને ખૂબ આનંદ આવે છે તે આપણાં માટે ઈષ્ટ છે. જે દેવનું ધ્યાન કરવું હોય એ દેવના ધામનું પ્રથમ ધ્યાન કરો તો જ તમે ધ્યાનમાં તમારા દેહને, ઘરને અને ગામને ભૂલી શકશો. ઘર, ગામ અને જગતનો સંબંધ છૂટ્યા વગર ધ્યાનનો આનંદ આવતો નથી કારણ ધ્યાન જગતનો સંબંધ છોડવા માટે છે.

દરરોજ પ્રાતઃકાળમાં વહેલા ઊઠી કલાક/અડધો કલાક ધ્યાન કરો. ઈશ્વરનું નામ-સ્મરણ કરો. બાર વર્ષ સુધી નિયમપૂર્વક આ પ્રમાણે કરો તો તમને અજબ અનુભવ થશે. તમે પ્રાતઃકાળમાં જપ, ધ્યાન, તપ કર્યા હશે તો આખો દિવસ પરમાત્મા તમને પાપ કરતાં અટકાવશે. પ્રાતઃકાળમાં હૃદય થોડું પીગળી જાય તો તમારો આખો દિવસ આનંદમાં જાય છે.

**''પરમાત્માનું એકાગ્રપણે ધ્યાન કરવાથી જીવ ઈશ્વરનું મિલન થાય છે.''**

**॥ શ્રધ્ધાંજલી ॥**

ધર્મજ ગામના સ્વ. જયંતિભાઈ ઈશ્વરભાઈ મિસ્ત્રી (ઉંમર વર્ષ ૭૮) સંવત ૨૦૭૨ ભાદરવા વદ ૯ ને તા. ૨૪/૦૯/૨૦૧૬ ને શનિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

પીપરીયા ગામ, તા.બરવાળા (હાલ સુરત) સ્વ. અરવિંદભાઈ રણછોડભાઈ બોઘરા (ઉંમર વર્ષ ૫૮) સંવત ૨૦૭૨ આસો સુદ ૬ ને તા. ૭/૧૦/૨૦૧૬ ને શુક્રવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

પીપળીયા ગામના હાલ ભાવનગર સ્વ. પરશોત્તમભાઈ જીવરાજભાઈ ભરોડીયા (ઉંમર વર્ષ ૫૪) સંવત ૨૦૭૨ આસો સુદ ૮ ને તા. ૯/૧૦/૨૦૧૬ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## શુભ સંદેશ

રજૂ. દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા
સુરત

॥ જય સચ્ચિદાનંદ ॥

સર્વોને સચ્ચિદાનંદ...

વાંચક મિત્રો આપને સૌને જણાવતા આનંદ તેમજ ગૌરવ અનુભવીએ છીએ કે 'વેદ રહસ્ય' માસિક સામયિકને ગુરૂ મહારાજના આશીર્વાદથી છેલ્લા ૩૮ વર્ષથી થનગનતું રાખવામાં આવ્યું છે. કોઈ પણ બાબત હોય, તેને આગળ ધપાવવા, ઉન્નતિના શિખરે પહોંચાડવા તન-મન-ધનની આવશ્યકતા રહે છે. આપણે પણ આ સામયિકને ખૂબ જ આગળ ધપાવવું છે, બહોળી પ્રસિધ્ધિ કરવી છે, કરાવવી છે. તો તે માટે સૌ ભક્તિોને, સગા સંબંધીઓને મારું નમ્ર નિવેદન છે કે આ ધાર્મિક કામમાં તન-મન-ધન લગાડી દયો. આજીવન લવાજમ ભરીને સામયિકના સદસ્ય બની જાઓ, બીજાઓને સદસ્ય બનાવો. સહાયક બનો. આ સામયિક તૈયાર કરાવવામાં જોતરાઈ જાઓ. ખૂબ જ સારા સારા લેખો, પુજ્ય સ્વામીજીના પ્રવચનો વગેરે લખીને મોટા પ્રમાણમાં આપો. સામયિક ઉપર પોસ્ટની ટીકીટ તેમજ સરનામાના સ્ટીકર લગાડવામાં કામમાં મદદરૂપ થાઓ. સમયસર વિતરણ કરવામાં, કરાવવામાં મદદરૂપ થાઓ.

બીજુ અગત્યનું ખાસ નિવેદન કે લેખો, ભજનો, કીર્તનો મોકલનારે કાગળમાં ડાબી બાજુએ મોટો હાંસિયો રાખી ફૂલ સ્કેપ કાગળ લેવો અને સ્વચ્છ અક્ષરોમાં લખાણ, પુરા-નામ-સરનામા તેમજ તારીખની વિગત સાથે આપવાના રહેશે. લખાણને અંતે આખી સહી કરવાની રહેશે અને આ રીતે મોકલેલું લખાણ જ માન્ય ગણાશે. કાગળની પાછળ લખવું નહિ.

અસ્તુ...


## શરદા પૂર્ણિમા મહોત્સવ પ્રસંગે

સંકલિત

- સુરત શહેરના આંગણે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૦-૧૦-૨૦૧૬ થી તા. ૧૬-૧૦-૨૦૧૬ સુધીનો કાર્યક્રમ ઉજવાયો હતો. શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે બપોરની કથામાં વિવેક, વૈરાગ્ય, સટ્સંપત્તિને મુમુક્ષુતા વિષય ઉપર કથાનું રસપાન કરાવ્યું હતું. મોટી સંખ્યામાં સેવક સમુદાયે લાભ લીધો હતો.
- તા. ૧૨-૧૩ ઓક્ટોબર રાત્રીના પ્રવચન ૮.૩૦ થી ૧૦.૦૦ મોટા વરાછા શાલીભદ્ર રેસીડેન્સીમાં વેદાંત સત્સંગ-કર્મ-ભક્તિ-જ્ઞાન-મળ-વિક્ષેપ અને આવરણ વિષય ઉપર કથાનું રસપાન કરાવ્યું હતું.
- તા. ૧૪-૧૫ ઓક્ટોબર રાત્રીના પ્રવચન ૮.૩૦ થી ૧૦.૦૦ સુધી વેદાંત સત્સંગ દ્વારા ધર્મ-અર્થ-કામ અને મોક્ષ વિષય ઉપર કથાનું રસપાન કરાવ્યું હતું.
- શરદ પૂર્ણિમાના પવિત્ર પ્રસંગે સવારે ૬.૦૦ કલાકે શ્રી ગુરૂગીતાનો નાનો મોટો પાઠ કર્યો હતો ને બપોરે ૩.૩૦ થી ૫.૩૦ પ્રવચન આરતી ત્યાર બાદ ૬.૦૦ સમૂહ ભીક્ષા. ત્યારબાદ ૮.૦૦ કલાકે શોભાયાત્રા ત્યારબાદ પ્રાર્થના ત્યારબાદ શ્રી બાબુભાઈ એન. કોશિયા, કે. જી. ભીંગરાડીયા સ્કુલના વિદ્યાર્થીઓએ ગુરૂ પર શિષ્યની શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસ કેવો હોવો જોઈએ. તેના વિશે શિષ્ય એકલવ્યનું નાટક ભજવ્યું હતું અને પૂજ્ય ગુરુજીને રાજી કર્યા હતા. ત્યારબાદ શહીદ થયેલાની પાછળ પાંચ મિનિટ મૌન ત્યારબાદ પ્રવચન ને રાસ-ગરબા દુધપવા રાત્રે ૧૧.૩૦ સુધી કાર્યક્રમ ચાલ્યો હતો અને સેવકગણે મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

### :: દરેક સેવક ભાઈ-બહેનોને ખાસ સૂચના ::

- ચાણોદ આવતા પહેલા આગલા દિવસે ઓફિસમાં મહેન્દ્રભાઈ નો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. **(ફોન : ૦૨૬૬૩ ૨૩૩૩૬૨, મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧)**
- ખાસ સૂચના જમવા અથવા ઉતારા માટે પૂ. સ્વામીજી મહારાજશ્રી અથવા સંતોને ફોન કરવો નહીં.



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ભોળાદ) (૪૩૦)**

- કથા પ્રારંભ : કારતક સુદ ૧૧ ને શુક્રવાર તા. ૧૧-૧૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક વદ ૧ ને મંગળવાર તા. ૧૫-૧૧-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : કારતક વદ ૪ ને ગુરૂવાર તા. ૧૭-૧૧-૨૦૧૬
- કથા સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦
- આયોજક : શ્રી ઝવેરભાઈ બચુભાઈ ચૌહાણ, શ્રી જયુભાઈ ઝવેરભાઈ ચૌહાણ, શ્રી બનવારીભાઈ બચુભાઈ ચૌહાણ, શ્રી બળવંતભાઈ બચુભાઈ ચૌહાણ
- કથા સ્થળ : મુ. ભોળાદ, તા. શિહોર, જી. ભાવનગર.

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (નાપાડ) (૪૩૧)**

- કથા પ્રારંભ : કારતક વદ ૭ ને રવિવાર તા. ૨૦-૧૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક વદ ૧૧ ને ગુરૂવાર તા. ૨૪-૧૧-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : કારતક વદ ૧૩ ને શનિવાર તા. ૨૬-૧૧-૨૦૧૬
- કથા સમય : બપોરે ૧.૦૦ થી ૫.૦૦
- આયોજક : શ્રી ઘનશ્યામભાઈ મગનભાઈ પટેલ, શ્રી ધર્મેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ, શ્રી ઉર્વશભાઈ મહેન્દ્રભાઈ પટેલ, શ્રી હરેશભાઈ મનુભાઈ પટેલ, શ્રી રોશનભાઈ વિક્રમભાઈ પટેલ
- કથા સ્થળ : મુ. નાપાડ, તા. આણંદ, જી. આણંદ. મો. ૯૫૮૬૬ ૯૬૫૯૬



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**


- તા. ૫/૧૧/૨૦૧૬ થી તા. ૭/૧૧/૨૦૧૬ સુધી નાના સુરકા રામજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આશિર્વાદ આપવા રોકાશે.
- તા. ૧૨/૧૧/૨૦૧૬ થી આતંર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, કોબા સર્કલ પાસે, મુ. સુઘડ, જી. ગાંધીનગર મુકામે કારતક સુદ પૂનમના ઉત્ત્સવમાં પધારશે. આ પૂનમ સુરત નિવાસી ચંપાબેન પોપટભાઈ આકરૂવાળા તરફથી રાખેલ છે.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વલ્લભીપુર)**


- કથા પ્રારંભ : કારતક સુદ ૨ ને મંગળવાર તા. ૧-૧૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ ૪ ને શુક્રવાર તા. ૪-૧૧-૨૦૧૬ સાંજે ૫.૦૦ કલાકે
- કથા પૂર્ણાહૂતિ : કારતક સુદ ૭ ને સોમવાર તા. ૭-૧૧-૨૦૧૬
- કથા સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૩૦ થી ૬.૦૦
- આયોજક : શ્રી બહુચરાજી માય મંડળ તેમજ નિમ્બાર્ક ગૃપ તેમજ શ્રી કૃષ્ણ મહિલા મંડળ વલ્લભીપુર.
- કથા સ્થળ : નરહરિધામ, ભલાણી શેરી, ગાબાણી ચોક, મુ. તા. વલ્લભીપુર, જી. ભાવનગર. મો. ૯૮૨૫૯ ૯૯૦૯૮, ૯૫૭૪૮ ૩૦૬૧૨
- તા. ૮/૧૧/૨૦૧૬ થી તા. ૨૦/૧૨/૨૦૧૬, સ્વામીશ્રી માધવાનંદજી મહારાજની તીથી સુધી ભાવનગર જિલ્લામાં ધર્મપ્રચાર કરશે.



# શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**વક્તાશ્રી– પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી**

- પોથીયાત્રા : કારતક સુદ ૨ ને મંગળવાર તા. ૧/૧૧/૨૦૧૬ સવારે ૮.૦૦ કલાકે
- કથા પ્રારંભ : કારતક સુદ ૨ ને મંગળવાર તા. ૧/૧૧/૨૦૧૬ સવારે ૧૦.૦૦ કલાકે
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ ૫ ને શનિવાર તા. ૫/૧૧/૨૦૧૬ સાંજે ૫.૦૦ કલાકે
- પૂર્ણાહુતિ : કારતક સુદ ૭ ને સોમવાર તા. ૭/૧૧/૨૦૧૬.
- કથા સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૦૦ થી ૫.૦૦ સુધી.
- સંતવાણી : કારતક સુદ ૫ ને શનિવાર તા. ૫/૧૧/૨૦૧૬ રાત્રે ૯.૦૦ કલાકે
- મહાપ્રસાદ : દરરોજ બપોરે ૧૨.૦૦ કલાકે
- કથા સ્થળ : શ્રી માધવધામ, મુ. આકરૂ, તા. ધંધુકા, જી. અમદાવાદ.
- આયોજક : શ્રી અજીતસિંહ દાનુભાઈ જાદવ, મો. ૯૯૯૮૬ ૪૧૧૧૧
- ખાસ નોંધ : ચાલુ કથા દરમિયાન કોઈએ આગળ દર્શન કરવા જવું નહિ, જયાં જગ્યા મળે ત્યાં બેસી જવું.
- તા. ૮/૧૧/૨૦૧૬ થી તા. ૩/૧૨/૨૦૧૬ સુધી ચાણોદ.
- તા. ૪/૧૨/૨૦૧૬ ને રવિવારે પાલડી મુકામે પધારશે. પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૬ મો નિર્વાણ જયંતી મહોત્સવ નિમિત્તે પધારશે.



**પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૨૬-૧૦-૨૦૧૬ થી વલસાડ જીલ્લામાં ધર્મ પ્રચાર માટે વિચરણ કરશે.
- સંપર્ક – ૮૨૩૮૬ ૬૨૦૨૦

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પ્રસારણ તા. ૧૦-૧૦-૧૬ થી તા. ૦૯-૧૧-૧૬ સુધી હિન્દ ચેનલ (ડી.એલ.-૨૦૨, જી.ટી.પી.એલ.-૨૭૯) ઉપર સાંજે ૭.૦૦ થી ૭.૩૦ કલાક સુધી નિહાળી શકાશે.**

વેબસાઈટ : www.omshreemadhavanandji.org GET IT ON Google play · Download on the App Store




૧૪-૧૫ ઓક્ટોબર રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ ચીકુવાડી, વરાછા રોડ, સુરત પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીએ વેદાંત સત્સંગ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વિષય પર કથાનું રસપાન કરાવ્યું હતું.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



૧૨-૧૩ ઓક્ટોબર રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ મોટા વરાછા, સુરત પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીએ વેદાંત સત્સંગ કર્મ, ભક્તિ અને જ્ઞાન વિષય પર કથાનું રસપાન કરાવ્યું હતું.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-